# જાગૃતિ સંદેશ

Price : 5/-
Total Page : 40

JAGRUTI SANDESH

Vol 15 Issue No. 04 - Mumbai April 2015

પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર



# Higher Education Abhiyan

*Special thanks to*

# J. J. C. JUHU BEACH

# *Best of Europe*

10n/12days

**Special Tour Of Switzerland, France with Austria**
**Dep: 01 June 2015 for 12 Days**













10, Shanti Niketan, 322 Dr. Ambedkar Road,
Matunga (C.R.), Mumbai - 400 019. India
Tel. : +91-22-2417 3344 / 2417 3355 T/Fax : +91-22-2417 3366
Service Tax No. :AABCH1562LST001 PAN N. : AABCH1562L

Harmony
TOURS & TRAVELS PVT. LTD.

**જૈન જાગૃતિ સેન્ટર**
**સેન્ટ્રલ બોર્ડ**

**જાગૃતિ સંદેશ**

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬
www.jainjagruti.com
E-mail : admin@jainjagruti.com
editor@jainjagruti.com

માનદ્ તંત્રી : **શ્રી રમેશ એમ. સંઘવી**
સહતંત્રી : **શ્રી અશોક એ. શાહ**



**કૅબિનેટ કમિટી**

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| ફાઉન્ડર ચૅરમૅન | : શ્રી ચીમનલાલ એસ. ગોસલિયા |
| વાઈસ ચૅરમૅન | : શ્રી સંજય બી. શાહ |
| | શ્રી દીનેશ એલ. નાણાવટી |
| સેક્રેટરી જનરલ | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| સેક્રેટરી | : શ્રી કિશોર એસ. શેઠ |
| | શ્રી જયંતીલાલ કે. છાડવા |
| | શ્રી ઉદય ડી. સંઘવી |
| | શ્રી દ્વિજેશ પી. શાહ |
| ડેવલપમેંટ સેક્રેટરી | : શ્રી અનિલ જી. દોશી |
| ખજાનચી | : શ્રી રાજેશ સી. ગાંધી |
| | શ્રી રાજેશ આર. ભણસાલી |
| તંત્રી | : શ્રી રમેશ એમ. સંઘવી |

**જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ-કમિટી**

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી કિશોર એન. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી ચંદ્રવદન આર. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| સેક્રેટરી | : શ્રી સંજય બી. શાહ |
| સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| ખજાનચી | : શ્રી હસમુખ કે. દેઢિયા |

**: ટ્રસ્ટીઓ :**

| | |
|---|---|
| શ્રી પ્રવીણ જી. શાહ | શ્રી કમલેશ સી. શાહ |
| શ્રી કિશોર એસ. શેઠ | શ્રી હર્ષદ જે. ગાંધી |
| શ્રી જયંતી કે. છાડવા | શ્રી નીતિન એમ. સંઘવી |
| શ્રી રસિક એન. કોઠારી | શ્રી શૈલેશ ડી. શાહ |
| શ્રી રાજેશ આર. ભણસાલી | શ્રી રાજેશ સી. ગાંધી |
| શ્રી પ્રવીણ એ. શાહ | શ્રી રવજી જી. ગાલા |
| શ્રી અનિલ જી. દોશી | શ્રી રમેશ એમ. સંઘવી |

● પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.
● કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.


**છૂટક મૂલ્ય રૂા.૫/-** **વાર્ષિક લવાજમ રૂા.૫૦/-**

## Message From The CHAIRMAN.....



**પ્રિય સ્નેહાળ સભ્યો,**

જય જિનેન્દ્ર,

સૌપ્રથમ હું આપણા I P Chairman શ્રી જિતેન્દ્રભાઈ કોઠારીને ખૂબ ખૂબ હૃદયપૂર્વકનાં અભિનંદન આપું છું.

તેઓ આપણા જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટના ચૅરમૅનપદે વર્ષ ૨૦૧૫-'૧૬ માટે બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. સાથેસાથે બિનહરીફ ચૂંટાઈ આવેલા અન્ય હોદ્દેદારો શ્રી ચંદ્રવદન શાહ, શ્રી સંજયભાઈ શાહ, શ્રી પ્રફુલ્લભાઈ કામદાર તથા શ્રી હસમુખભાઈ દેઢિયાને પણ અભિનંદન પાઠવું છું. આશા રાખીએ કે આ ટીમ આપણા બહુમૂલ્ય હાયર ઍજ્યુકેશન અભિયાન અન્વયે આપણે અત્યાર સુધીમાં દશ વર્ષમાં આશરે ૫૨૦૦ જેટલા વિદ્યાર્થીઓને રૂા. ૩૫ કરોડ જેટલી સહાય કરી ચૂક્યા છીએ તે યોજનાને હજી આગળ વધારે અને સમાજમાં જેજેસીનું નામ રોશન કરે. પ્રાપ્ય આંકડાથી ફલિત થાય છે કે આ દિશામાં આપણે હજી ઘણું કાર્ય કરવાનું છે. જૈન સમાજ આપણી પાસેથી ઘણી અપેક્ષા રાખે છે.

મૂળભૂત જીવદયાના સંસ્કારને વરેલી આપણી જૈન જ્ઞાતિ છેલ્લાં ૧૫-૧૭ વર્ષથી અભેરાઈ પર ધૂળ ખાતા પડેલા ગૌવંશ હત્યા નિષેધ ખરડાને ફરી જીવંત કરી કાયદાનું સ્વરૂપ આપનારી હાલની મહારાષ્ટ્ર સરકારની ઋણી છે. આને આપણી આખરી જીત માની નહીં લેતાં હજી ઘણી મંજિલ કાપવાની છે. આ કાયદાનું કડક અમલીકરણ થાય તે માટે આપણે સતત સતર્ક રહેવાનું છે. ઉપરાંત તેના અમલીકરણ માટે મહારાષ્ટ્ર સરકારે આપણી પાસે માગેલો સહકાર આપવા આપણી જૈન સમાજે સરકારે ચીંધેલાં કાર્યો કરવાનાં છે.

જૈન જાગૃતિ સેન્ટર તેમાં ઘણું કરી શકે તેવી સક્ષમ સંસ્થા છે અને સરકાર તેની પાસેથી અપેક્ષા રાખે છે તેથી આપણે એ માટે કટીબદ્ધ બનીએ તેવી અપીલ હું દરેક સેન્ટરને કરું છું. મહદ્અંશે સરકાર આપણી પાસેથી ગોવંશ તથા અન્ય પ્રાણીઓને સાચવવા-નિભાવવા ઠેકઠેકાણે પાંજરાપોળ ખોલવા તથા તેને નિભાવવાની અપીલ કરે છે. તે માટે સરકાર જોઈતી મદદ કરવા તૈયાર છે. જરૂરી જમીન આપવાની પણ ઑફર કરે છે.

મિત્રો, બાળકોની તથા મમ્મીઓની (!) પરીક્ષા પતી ગઈ છે. ભણતરની રાહ તથા મૂલ્યો સંપૂર્ણપણે બદલાઈ ગયાં છે. બાળકોને વૅકેશન જોવું મળતું જ નથી. પરીક્ષા પતી નથી ત્યાં જ નવા વર્ષની તૈયારીરૂપે કોચિંગ ક્લાસ શરૂ થઈ જાય છે. હરીફાઈનો

જમાનો છે તેથી મને-કમને પણ તેમાં દરેકે ઝંપલાવવું જ પડે છે જેથી બાળકો માટે વૅકેશનમાં પણ 'મામાનું ઘર કેટલે, દીવો બળે તેટલે' જાણે બંધ જ થઈ ગયું છે.

અભ્યાસમાં S.S.C.નાં પરિણામો જૂન મહિનામાં આવી જશે. S.S.C.નું વર્ષ ભણતરમાં એક Mile Stone છે. એ વર્ષ ત્રિભેટો છે. અહીંથી અભ્યાસના કેટલાય ફાટા પડે છે. અમારા સમયમાં S.S.C. પછી ફક્ત ત્રણ જ પસંદગી હતી. હોશિયાર વિદ્યાર્થીઓ સાયન્સ લાઇન લેતા, મીડિયમ હોશિયાર કૉમર્સની લાઇન લેતા તથા નબળા વિદ્યાર્થીઓ આર્ટ્સની રાહ પકડતા. હવે તો અસંખ્ય લાઇન ખૂલી ગઈ છે. જો બરાબર માહિતી હશે નહીં તો વિદ્યાર્થીઓ ભેખડે ભરાઈ જાય છે.

વડીલોએ બરાબર ધ્યાન આપી વિસ્તૃતમાં અભ્યાસ કરી બાળકોને તેમની રુચિ તથા હોશિયારી પ્રમાણે લાઇન પસંદ કરવા નિર્ણય લેવા મદદરૂપ થવું જોઈએ. પહેલા તો બાળકો અભ્યાસ પૂરો કરી બાપીકા/ખાનદાની ધંધામાં કે નોકરીમાં ગોઠવાઈ જતાં. હવે તો અસંખ્ય તકો તેમની રાહ જુએ છે.

યુવા વર્ગને અભ્યાસ કર્યા બાદ વ્યવસાય કરવો છે તો તે માટે વ્યવસાયની સબળી તથા નબળી બાજુઓ સહિત સ્પષ્ટ ચિત્ર આપવું સહેલું નથી. વ્યક્તિમાં કઈ શક્તિઓ રહેલી છે, કઈ બાબતમાં રસ ધરાવે છે તથા જીવનમાં શું ધ્યેય છે ઇત્યાદિની જાણકારી મેળવી અનુભવીઓ યોગ્ય માર્ગદર્શન આપી શકે છે.

ઉપરાંત વિદ્યાર્થી ભણતર પૂરૂં કર્યા બાદ વ્યવસાયમાં ઝંપલાવે તેમાં પાંચ વર્ષનો સમય વીતી જાય છે. તે દરમિયાન તેમણે પસંદ કરેલી કારકિર્દી યોગ્ય રહેશે કે કેમ તે ભવિષ્ય અનુભવી અને અભ્યાસુઓ જ કહી શકે છે.

વ્યક્તિએ પોતાની કુદરતી શક્તિઓ, મર્યાદાઓ તથા વલણ જાણી વ્યાવસાયિક ક્ષેત્રે ઉપસ્થિત તકોને અનુકૂળ વ્યવસાય માટે પસંદગી ઉતારવી જોઈએ. એ માટે ઍજ્યુકેટેડ મા-બાપ અથવા સ્કૂલ/કૉલેજના પ્રોફેસર મદદરૂપ થઈ શકે. ઉપરાંત આ માટે અલગ અલગ વ્યવસાય કે ઉત્પાદન ક્ષેત્રે પડેલા કૌટુંબિક મિત્રો પણ યોગ્ય માર્ગદર્શન આપી શકે.

વ્યક્તિ માટે S.S.C. પછીનાં વર્ષો તેમની કારકિર્દી માટે નિર્ણયાત્મક હોય છે. જો કોઈ ખોટી લાઇન પકડાઈ જાય તો તેનો વસવસો જિંદગીના અંતિમ સમય સુધી રહે છે. માટે જ કહું છું કે દરેક મા-બાપની ફરજ છે કે આ બાબત જરા વધારે સાવચેત રહી પોતાના સંતાનને બરાબર ગાઈડ કરે. કોઈનું આંધળું અનુકરણ ન કરે.

કારણ તેમના સંતાનનું ભવિષ્ય આ ત્રિભેટા પર બેઠેલું છે. હું તો દરેક સેન્ટરોને પણ સૂચન કરું છું કે બે-પાંચ સેન્ટર ભેગાં થઈ આ માટે કોઈ સિદ્ધહસ્ત અનુભવીનું પ્રવચન ગોઠવી S.S.C.ના વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન શિબિર (Vocational Guidence Class)નું આયોજન કરે.

સાથે સાથે S.S.C.ના વિદ્યાર્થીઓનાં મા-બાપ-વડીલોને સૂચન કરું છું કે આ વૅકેશનમાં તમે તમારાં સંતાનોને લઈને ફરવા જવાનું આયોજન કરો જ, કારણ હવે પછીના કૉલેજનાં વર્ષો નિર્ણયાત્મક હોઈ બાળકોને વૅકેશન જેવું મળશે નહીં.

બાળકો સાથે રમણીય સ્થળે ફરવા ગયા હોય તો તે દિવસો આખી જિંદગીનાં સંભારણાં બની રહેશે. ત્યાર બાદ બહુ ઓછી તક બાળકો સાથે ગુજારવાની મળશે. અનુભવીની હેસિયતથી હું આ સૂચન કરું છું, કારણ જેજેસીનો દરેક સભ્ય આર્થિક ઉપરાંત માનસિક રીતે પણ સુખી હોવો જોઈએ.

*લિ. રમેશ મોરબિયા*
*ચૅરમૅન: જે.જે.સી. - સેન્ટ્રલ બોર્ડ*

---

## વિદેશમાં પોસ્ટ ગ્રૅજ્યુએશન કોર્સ માટે જતા વિદ્યાર્થીઓ અને એમના વાલીઓ ખાસ ધ્યાન આપે

વિદેશમાં પોસ્ટ ગ્રૅજ્યુએશન કોર્સ માટે જવા ઇચ્છનાર વિદ્યાર્થીઓને Jain Minoritiesના મળતા લાભ હેઠળ કેન્દ્ર સરકારની Ministry of Minority Affairs દ્વારા 'પઢો પરદેશ' યોજના હેઠળ જેમના પરિવારની વાર્ષિક આવક ૬ લાખ કે ૬ લાખથી ઓછી હોય તેમને બે વર્ષ માટે વ્યાજમુક્ત (વગર વ્યાજની) લોન રૂા. ૨૦ લાખ સુધી કોઈ પણ રાષ્ટ્રીયકૃત બૅંકમાંથી મળી શકે છે.

આ યોજનાની વિગતો તેમ જ Circular માટે sthanakwasimahajan@gmail.com પર Email કરી આપ વધુ જાણકારી મેળવી શકો છો.

**લિ.**

**જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ**

# મનોરંજનની અટારીએથી

| જે.જે.સી. | | તારીખ | કાર્યક્રમ | |
|---|---|---|---|---|
| ● અમૃતનગર | : | ૧૩-૦૩-૧૫ | 'બા તુસ્સી ગ્રેટ છો' – નાટક | ✉ |
| ● લે. વિં. અમદાવાદ | : | ૨૦-૦૩-૧૫ | 'સ્નેહમિલન' | ★ |
| ● બોરીવલી | : | ૦૬-૦૩-૧૫ | હોળી | ★ |
| | | ૨૩-૦૩-૧૫ | 'સ્વજન રે જુઠ મત બોલો' – નાટક | ✉ |
| ● ભાંડુપ-વિક્રોલી | : | ૧૫-૦૩-૧૫ | કાજલ ઓઝા – વાર્તાલાપ | ★ |
| ● ચેમ્બુર | : | ૦૬-૦૩-૧૫ | હોળી સંગીતોત્સવ | ★ |
| ● લે. વિં. સેન્ટ્રલ મુંબઈ | : | ૧૨-૦૩-૧૫ | 'ગુજરાતી નાટક' – નાટક | ✉ |
| ● દાદર | : | ૨૩-૦૩-૧૫ | 'આજ જાને કી જીદ ના કરો' – નાટક | ✉ |
| ● દહિસર | : | — | 'ગુજ્જુભાઈ ગોટાળે ચડ્યા' – નાટક | ★ |
| ● ધ્રાંગધ્રા | : | ૦૧-૦૩-૧૫ | 'જીવનસાથી પરિચય પસંદગી પર્વ' | ★ |
| ● એલિસ બ્રિજ | : | ૦૯-૦૩-૧૫ | 'થોડું લૉજિક થોડું મૅજિક' – નાટક | ✉ |
| | : | ૨૨-૦૩-૧૫ | 'હિન્દી ફિલ્મી ગીત-ઑર્કેસ્ટ્રા' – | ★ |
| ● જેમ જગડુશા | : | ૦૨-૦૩-૧૫ | 'થોડું લૉજિક થોડું મૅજિક' – નાટક | ✉ |
| | : | ૦૬-૦૩-૧૫ | 'ધુળેટી' – | ★ |
| ● ગોલ્ડન ગારોડિયા | : | ૦૬-૦૩-૧૫ | 'હોળી' – | ★ |
| | : | ૧૫-૦૩-૧૫ | કાજલ ઓઝા – વાર્તાલાપ | ★ |
| | : | ૨૦-૦૩-૧૫ | 'જય શ્રીકૃષ્ણ ડાર્લિંગ' – નાટક | ✉ |
| ● જેતપુર | : | ૦૮-૦૩-૧૫ | 'બળેજા પાર્શ્વનાથ' – યાત્રપ્રવાસ | ★ |
| ● જુહુ | : | ૧૧-૦૩-૧૫ | 'નાનીમા' – નાટક | ✉ |
| | : | ૨૪-૦૩-૧૫ | સુન... સુન... સુન... જાલિમા... – સંગીત | ✉ |
| ● જુહુ બીચ | : | ૧૦-૦૩-૧૫ | 'રૉક સ્ટાર' – ઑર્કેસ્ટ્રા | ✉ |
| | : | ૧૯-૦૩-૧૫ | 'નાનીમા' – નાટક | ✉ |
| ● કાંદિવલી | : | ૨૪-૦૩-૧૫ | 'સ્વજન રે જૂઠ મત બોલો' – નાટક | ✉ |
| ● કર્ણાવતી-અહમદાવાદ | : | ૧૫-૦૩-૧૫ | 'એકદિવસીય યાત્રા' – પિકનિક | ★ |
| ● મલાડ | : | ૦૨-૦૩-૧૫ | 'હેપ્પીવાલા ફૅમિલી' – નાટક | ✉ |
| ● મુંબઈ | : | ૨૨-૦૩-૧૫ | SIXTH SENSE - MRB | ★ |
| | : | ૧૩-૦૩-૧૫ | 'કંકુ વિનાના થાપા' – નાટક | ✉ |
| ● મુલુંડ | : | ૦૩-૦૩-૧૫ | 'શત્રુંજય તીર્થયાત્રા' – ભાવયાત્રા | ★ |
| | : | ૦૬-૦૩-૧૫ | 'રંગોત્સવ-૨૦૧૫' – | ★ |
| | : | ૨૬-૦૩-૧૫ | 'મસ્તી રહે તો લાઈફ હસતી રહે' – નાટક | ✉ |

| | | | |
|---|---|---|---|
| ● નવી મુંબઈ | : ૦૬-૦૩-૧૫ | ‘ધુળેટી’ – | ★ |
| ● નોર્થ ઈસ્ટ | : ૦૩-૦૩-૧૫ | ‘ગિતાંજલી મોરે અને સામ’ – બૉલીવૂડ રૉક સ્ટાર | ✉ |
| | ૦૬-૦૩-૧૫ | ‘ધુળેટી’ | ★ |
| | ૧૭-૦૩-૧૫ | ‘થોડું લૉજિક થોડું મૅજિક’ – નાટક | ✉ |
| | ૨૯-૦૩-૧૫ | ‘શેઠ મોતીશા’ – નાટક | ✉ |
| ● પેડર રોડ | : ૦૬-૦૩-૧૫ | ‘મસ્તી રહે તો લાઈફ હસતી રહે’ – નાટક | ✉ |
| ● રજવાડી | : ૦૫-૦૩-૧૫ | ‘આયુષ રિસોર્ટ’ | ★ |
| | ૦૬-૦૩-૧૫ | ‘ધુળેટી’ | ★ |
| | ૦૯-૦૩-૧૫ | 'Womens Day' – | ▲ |
| | ૧૮-૦૩-૧૫ | ‘થોડું લૉજિક થોડું મૅજિક’ – નાટક | ★ |
| | ૩૦-૦૩-૧૫ | ‘મોર બની થનગનાટ કરે’ – ઓરકેસ્ટ્રા | ✉ |
| ● રૉયલ જગડુશા | : ૦૬-૦૩-૧૫ | ‘ધુળેટી’ | ★ |
| | : ૦૮-૦૩-૧૫ | 'Womens Day' – | ▲ |
| | ૩૧-૦૩-૧૫ | ‘Musical Masti & Rock Show’ – ઑર્કેસ્ટ્રા | ★ |
| ● શિવાજી પાર્ક | : ૦૬-૦૩-૧૫ | ‘ધુળેટી ઉત્સવ’ – | ★ |
| | ૨૦-૦૩-૧૫ | ‘મસ્તી રહે તો લાઈફ હસતી રહે’ – નાટક | ✉ |
| ● સાયન-માટુંગા | : ૦૬-૦૩-૧૫ | ‘હોલી ધમાકા સાથે રેઈન ડાન્સ’ | ★ |
| | : ૧૮-૦૩-૧૫ | ‘ફિલ્મ’ – | ✉ |
| | ૨૯-૦૩-૧૫ | ‘મારી તો અરજી બાકી તમારી મરજી’ – નાટક | ✉ |
| ● ઉપલેટા | : ૦૬-૦૩-૧૫ | હોલિકોત્સવ | ★ |
| ● ઉમરગામ | : ૨૧-૦૨-૧૫ | ‘હેપીવાલા ફૅમિલી’ – નાટક | ✉ |
| | : ૦૬-૦૩-૧૫ | ‘પ્લઝ રિસોર્ટ’ – | ★ |
| ● વેરાવળ | : ૦૬-૦૩-૧૫ | ‘મનદીપ ફાર્મ હાઉસ’ - | ★ |
| ● વડોદરા | : ૧૫-૦૩-૧૫ | ‘કપલ હાઉસી ગેમ’ - | ★ |
| | ૨૯-૦૩-૧૫ | ‘મારી વાઈફ મેરી કૉમ’ – નાટક | ✉ |
| ● વિલે પાર્લે | : ૦૧-૦૩-૧૫ | ‘ધ ગ્રેટ એસ્કેપ વૉટર પાર્ક’ – પિકનિક | ★ |
| | : ૦૭-૦૩-૧૫ | Get-to-Gether | ★ |
| | ૧૭-૦૩-૧૫ | ‘વસિયત માટે માર્ગદર્શન’ – લેડીઝ પ્રોગ્રામ | ✉ |
| | : ૧૭-૦૩-૧૫ | નાગેશ્વર તીર્થયાત્રા પ્રવાસ | ★ |
| | : ૨૦-૦૩-૧૫ | ‘નાનીમા’ – નાટક | ✉ |

સંજ્ઞા : કાર્યક્રમ – જમણ સાથે ★ જમણ વિના (ડ્રાય) ✉ નાસ્તો ▲

# જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ

૨૦૧, માથારૂ આર્કેડ, એક્સિસ બૅંકની ઉપર, સુભાષ રોડ, વિલે પાર્લે (પૂર્વ), મુંબઈ -૪૦૦ ૦૫૭.
ફોન : ૬૫૭૨ ૬૬૩૬ ● ટેલીફેક્સ : ૬૬૯૭ ૩૦૩૮
E-mail : admin@jainjagruti.com Website : www.jainjagruti.com

**પ્રિય સભ્ય સ્વજન,**

આવનાર યુગમાં આધુનિકતાની સાથે જો શિક્ષણનું મહત્વ સમજીને વિકાસ તરફ ગતિ કરીશું તો આપણે સાચા અર્થમાં પ્રગતિ કરી શકીશું. વિજ્ઞાનની હરણફાળની સાથે વિવિધ પ્રકારની નવી નવી શૈક્ષણિક દિશાઓ ખૂલી રહી છે. ઉચ્ચ શિક્ષણનું મહત્વ આજના યુગની આવશ્યકતા છે. આપણા જૈન પરિવારનાં કોઈ પણ તેજસ્વી પુત્ર કે પુત્રી આર્થિક તકલીફ કે ખેંચને કારણે તેની રુચિ અને ઈચ્છા મુજબનું શિક્ષણ મેળવવાથી વંચિત ન રહેવાં જોઈએ. આપણા સમાજના દરેક પરિવારે આવા વિદ્યાર્થીઓને સહાયરૂપ બનીને એક શક્તિશાળી સમાજનું નિર્માણ કરવાનું છે.

**જેજેસી સેન્ટ્રલ બોર્ડ** અને **જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ** દ્વારા વર્ષ ૨૦૦૫થી કોઈ વિદ્યાર્થી ક્યારેય ઉચ્ચ અભ્યાસથી વંચિત ન રહી જવા પામે એ હેતુથી 'હાયર એજ્યુકેશન આર્થિક સહાય યોજના'ની શરૂઆત કરવામાં આવી છે. આ યોજના હેઠળ હાલ સુધીમાં ૫૯૯૦ વિદ્યાર્થીઓને રૂા. ૩૪.૭૬ કરોડની રકમનો લાભ મળવા પામ્યો છે. એક અંગ્રેજી ઉક્તિ છે.

***"The aim of education is to develop human facilities of man and make him a different man from what he was yesterday."***

આપણી યોજના અન્વયે ભારતમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીને વધુમાં વધુ વાર્ષિક રૂા. ૨.૦૦ લાખ અને વિદેશમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીને વધુમાં વધુ રૂા. ૩.૦૦ લાખ જેટલી આર્થિક સહાય (ટ્રસ્ટ નિયમ મુજબ) આપવામાં આવે છે. આપ સહુ સભ્યોને નમ્ર અરજ કરીએ છીએ કે 'ઉચ્ચ અભ્યાસ અભિયાન'માં આપનો વધુમાં વધુ ફાળો નોંધાવીને આપણું સમાજ પ્રત્યેનું તથા દેશ પ્રત્યેનું ઋણ અદા કરવાની તક ઝડપી લેવાનુ ચુકશો નહિ.

આ વર્ષે એટલે કે વર્ષ ૨૦૧૫ માં આ પ્રોજેક્ટને સફળ બનાવવા માટે આશરે રૂા. ૧૦ કરોડનું ભંડોળ એકત્રિત કરવું આવશ્યક છે કે જેથી આપણો સમાજ વિકાસની રાહ પર તેજ ગતિ કરી શકે. વર્ષ ૨૦૧૪ સુધી માં શૈક્ષણિક આર્થિક સહાય માટે વિતરણ કરેલ રકમની વિગત નીચે મુજબ છે, જેનો અભ્યાસ કરી આગામી વર્ષ માટે આપના તરફથી વધુ ને વધુ રકમનો ફાળો નોંધાવીને અમારો ઉત્સાહ વધારશો.

| વર્ષ | ટ્રસ્ટ દ્વારા કુલ રકમનું વિતરણ રૂા. | લાભ લેનાર વિદ્યાર્થીઓ સંખ્યા |
|---|---|---|
| ૨૦૦૫ | ૧૦,૩૧,૦૦૦/- | ૫૦ (નવા) |
| ૨૦૦૬ | ૨૬,૭૦,૫૦૦/- | ૧૨૦ ( ૯૬ નવા + ૨૪ જુના) |
| ૨૦૦૭ | ૪૮,૭૩,૫૦૦/- | ૧૮૮ (૧૨૪ નવા + ૬૪ જુના) |
| ૨૦૦૮ | ૨,૨૭,૯૭,૭૫૦/- | ૫૪૨ (૪૩૦ નવા + ૧૧૨ જુના) |
| ૨૦૦૯ | ૨,૯૮,૪૪,૦૦૦/- | ૭૦૬ (૪૨૦ નવા + ૨૮૬ જુના) |
| ૨૦૧૦ | ૩,૭૨,૦૮,૪૫૦/- | ૭૬૧ (૪૨૦ નવા + ૩૪૧ જુના) |
| ૨૦૧૧ | ૪,૯૦,૮૩,૬૩૧/- | ૮૭૭ (૪૬૮ નવા + ૪૦૯ જુના) |
| ૨૦૧૨ | ૬,૬૯,૭૫,૦૨૦/- | ૯૬૫ (૫૨૦ નવા + ૪૪૫ જુના) |
| ૨૦૧૩ | ૬,૩૨,૨૫,૦૪૨/- | ૯૧૮ (૪૧૫ નવા + ૫૦૩ જુના) |
| ૨૦૧૪ | ૬,૯૮,૨૬,૯૧૬/- | ૮૬૨ (૪૨૩ નવા + ૪૩૯ જુના) |
| **કુલ** | **૩૪,૭૬,૪૧,૩૧૧/-** | **૫૯૯૦ (૩૩૬૯ નવા + ૨૬૨૧ જુના)** |

**નોંધ :** છેલ્લા બે વર્ષ દરમ્યાન આપણા ટ્રસ્ટ દ્વારા જે **૩૦ સ્ટુડંટસ** દ્વારા બેંકની ઉચ્ચ અભ્યાસર્થે લોનની સગવડ **ટોટલ રૂા. ૫.૩૨ કરોડની** કરી છે અને અભ્યાસ દરમ્યાન બેંક લોન વ્યાજના **રૂા. ૩૧.૪૨ લાખ** ચુકવ્યા છે તે રકમ સ્ટુડંટસને આપણા ટ્રસ્ટમાંથી **''વગર વ્યાજની લોન''** તરીકે ચુકવવામાં આવી છે.

આપના સહકારની અપેક્ષા સહ, જય જિનેન્દ્ર !
લિ.

| | |
|---|---|
| **રમેશ જે. મોરબિયા** | **જીતેન્દ્ર એસ. કોઠારી** |
| ચેરમેન | ચેરમેન |
| જેજેસી સેન્ટ્રલ બોર્ડ | જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ |

**નોંધ :** આ યોજનામાં આપે પાઠવેલ યોગદાનને આયકર કલમ ૮૦-જી હેઠળ કરમુક્તિની માન્યતા મળશે અને ભારત સરકારના FCRAct. 2010 હેઠળ મળેલ રજિસ્ટ્રેશન ને કારણે વિદેશમાથી ફોરેન કરન્સીમા પણ ડોનેશન મેળવી શકીએ છીએ. યોગદાન આપનાર દાતાનાં નામ આપણા મુખપત્ર **''જાગૃતિ સંદેશ''**માં છાપવામાં આવશે. આપનો ચેક **JAIN JAGRUTI CENTRE CENTRAL BOARD CHARITABLE TRUST** ના નામે લખશોજી.

# JAIN JAGRUTI CENTRE CENTRAL BOARD CHARITABLE TRUST

## DONATION RECEIVED FOR HIGHER EDUCATION ASSISTANCE FROM DONORS / CENTRES FOR YEAR 2005 TO TILL 31ST MARCH 2015

| No. | Name of Donor | Amount (in ₹) | No. | Name of Donor | Amount (in ₹) |
|---|---|---|---|---|---|
| 1 | Kahanraj Sarvodya Trust (Sion Matunga) | 41859250 | 34 | JJC Amrutnagar | 5056127 |
| 2 | Subhash Runwal Education Foundation | 20120000 | 35 | JJC Anjar | 58000 |
| 3 | Shri Dharmesh S. Jain (Mulund) | 17801000 | 36 | JJC Ankaleshwar | 1136153 |
| 4 | Shri Nitin M. Sanghvi ( North East) | 11753000 | 37 | JJC Ahmedabad Central | 11000 |
| 5 | Shri Kishor N. Shah (Sion Matunga) | 7850000 | 38 | JJC Andheri | 116600 |
| 6 | Shri. Mukeshkumar M. Doshi (North East) | 7212111 | 39 | JJC Beach Side | 6598607 |
| 7 | Vasant Atma Charitable Trust ( Karnavati ) | 4420000 | 40 | JJC Bhabhar | 11000 |
| 8 | Shri Pravin G. Shah (Sion Matunga) | 4100000 | 41 | JJC Bhachau | 17000 |
| 9 | Shri Manish R. Shah (Sion Matunga) | 3001000 | 42 | JJC Bhandup - Vikhroli | 389183 |
| 10 | Shri Nayan S. Bheda ( Mulund) | 2901000 | 43 | JJC Bhavnagar | 786611 |
| 11 | Shri Uvasagghar Sadhana Trust (Parasdham-North East) | 2800000 | 44 | JJC Bhuj | 249776 |
| 12 | Smt. Manjulaben J. Morbia ( North East) | 2700000 | 45 | JJC Bilimora | 21000 |
| 13 | Shri Mayur R. Shah ( Mulund) | 2151000 | 46 | JJC Bombay Down Town | 788068 |
| 14 | Shri Dinesh S. Sheth (Juhu) | 1731555 | 47 | JJC Borivali | 5961643 |
| 15 | Bombay Slum Redevelopment Corp.Ltd- | | 48 | JJC Botad | 54460 |
| | ( Shri Kiran Hemani -Kandivali) | 1500000 | 49 | JJC Chembur | 6742074 |
| 16 | Shri Kantilal P. Chheda (Chembur) | 1500000 | 50 | JJC Chennai | 334001 |
| 17 | Shri. Niraj Ved (North East) | 1100000 | 51 | JJC Coimbatore | 138000 |
| 18 | Shri. Dilip K. Shah ( Sion Matunga ) | 1001000 | 52 | JJC Chunabhatti | 100000 |
| 19 | Smt Savitaben Vadilal Mohanlal Shah Ch.Trust- | | 53 | JJC Dadar | 2249582 |
| | (Shri Dinesh V.Shah-Surendranagar) | 1000000 | 54 | JJC Dahisar | 785287 |
| 20 | Shri Surendra Jain (Beach Side) | 1500000 | 55 | JJC Deesa | 109000 |
| 21 | Shri Niranjanbhai Vasani ( Juhu ) | 600000 | 56 | JJC Dhandhuka | 3333 |
| 22 | Shri Sankeshwar Paras Swet.Murtipujak Jain Sangh | | 57 | JJC Dhoraji | 71667 |
| | (Juhu Beach) | 557000 | 58 | JJC Dhrangadhra | 63333 |
| 23 | Rangat Production ( North East ) | 550000 | 59 | JJC Diodar | 21000 |
| 24 | Smt Pushpaben Pravinchandra Nemchand Mehta | | 60 | JJC Ellisbridge | 1931448 |
| | (Juhu Beach) | 500000 | 61 | JJC Gandhidham | 56000 |
| 25 | Shri Monjibhai K. Shah (Juhu) | 500000 | 62 | JJC Gem Jagdusha | 3702715 |
| 26 | Smt Sarlaben S. Ajmera (Sion-Matunga) | 500000 | 63 | JJC Ghatkopar | 1133473 |
| 27 | Snehal & Chirag Mehta (Sion Matunga) | 500000 | 64 | JJC Golden Garodia | 1702820 |
| 28 | Roman Properties Private Limited | | 65 | JJC Gondal | 32610 |
| | (Shri. Bhupen Chheda-Beach Side) | 500000 | 66 | JJC Halvad | 12000 |
| 29 | Shri Kamlesh Chinubhai Shah ( Sion Matunga ) | 251000 | 67 | JJC Himat Nagar | 30277 |
| 30 | Shri Shamji T Vora ( Sion Matunga ) | 111111 | 68 | JJC Hyderabad | 184611 |
| 31 | Jain Social Group International Federation | 100000 | 69 | JJC Jamnagar Main | 138961 |
| 32 | Shri Rajanikant Sanghavi ( Karnavati ) | 100000 | 70 | JJC Jamnagar West | 11000 |
| 33 | Pragati Centre Pant Nagar | 51000 | 71 | JJC Jetpur | 28612 |

| No. | Name of Donor | Amount (in ₹) |
|---|---|---|
| 72 | JJC Juhu | 6033737 |
| 73 | JJC Juhu Beach | 9738276 |
| 74 | JJC Junagadh | 18250 |
| 75 | JJC J/W Vile Parle - Andheri | 20000 |
| 76 | JJC Kalanagari Vadodara | 394761 |
| 77 | JJC Kalawad | 11000 |
| 78 | JJC Kalol | 48222 |
| 79 | JJC Kandivali | 8514288 |
| 80 | JJC Karnavati | 186111 |
| 81 | JJC Kolhapur | 74222 |
| 82 | JJC Kolkatta | 281000 |
| 83 | JJC Ladies Wing Ahmedabad | 43550 |
| 84 | JJC Ladies Wing Ankleshwar | 49500 |
| 85 | JJC Ladies Wing Central Mumbai | 1265124 |
| 86 | JJC Ladies Wing Jamnagar | 5000 |
| 87 | JJC Ladies Wing Kalanagari Vadodara | 23050 |
| 88 | JJC Ladies Wing Mandvi | 23500 |
| 89 | JJC Ladies Wing Mehsana | 77617 |
| 90 | JJC Ladies Wing Mumbai East | 713316 |
| 91 | JJC Ladies Wing Rajkot | 15000 |
| 92 | JJC Ladies Wing Surendra Nagar | 57850 |
| 93 | JJC Ladies Wing Udaipur | 5000 |
| 94 | JJC Ladies Wing Vapi | 176700 |
| 95 | JJC Limbdi | 5000 |
| 96 | JJC Madhapar | 32000 |
| 97 | JJC Mahuva | 29950 |
| 98 | JJC Malad | 2642399 |
| 99 | JJC Mandvi | 58111 |
| 100 | JJC Mehsana | 105100 |
| 101 | JJC Mid Town Rajkot | 5000 |
| 102 | JJC Morbi | 13100 |
| 103 | JJC Mulund | 5375541 |
| 104 | JJC Mumbai | 7583240 |
| 105 | JJC Mundra | 51000 |
| 106 | JJC Nakhatrana | 10000 |
| 107 | JJC Nalasopara | 11000 |
| 108 | JJC Nandurbar | 20000 |
| 109 | JJC Navi Mumbai | 3060744 |
| 110 | JJC Navrangpura | 31000 |
| 111 | JJC Nerul | 376704 |
| 112 | JJC Netrang | 31600 |
| 113 | JJC North East | 20408198 |

| No. | Name of Donor | Amount (in ₹) |
|---|---|---|
| 114 | JJC North West | 251711 |
| 115 | JJC Palitana | 10000 |
| 116 | JJC Panvel | 683736 |
| 117 | JJC Patan | 310002 |
| 118 | JJC Pedder Road | 6533554 |
| 119 | JJC Pink Pantnagar | 641417 |
| 120 | JJC Porbandar | 14000 |
| 121 | JJC Pune | 133001 |
| 122 | JJC Raipur | 51100 |
| 123 | JJC Rajwadi | 3545324 |
| 124 | JJC Rajkot Main | 16001 |
| 125 | JJC Ranpur | 2000 |
| 126 | JJC Rapar | 114500 |
| 127 | JJC Royale Jagdusha | 624177 |
| 128 | JJC Sayaji Nagari Vadodara | 50000 |
| 129 | JJC Sea Side | 2823708 |
| 130 | JJC Shivaji Park | 5455256 |
| 131 | JJC Simandhar - Rajkot | 41000 |
| 132 | JJC Sion Matunga | 15092274 |
| 133 | JJC Sudan | 51000 |
| 134 | JJC Surendra Nagar | 1379100 |
| 135 | JJC Suryapur - Surat | 56000 |
| 136 | JJC Talaja | 1000 |
| 137 | JJC Tirthnagari Karjan | 1100 |
| 138 | JJC Thara | 34211 |
| 139 | JJC Udhana | 100000 |
| 140 | JJC Umbergaon | 31000 |
| 141 | JJC Unjha | 11000 |
| 142 | JJC Upleta | 7000 |
| 143 | JJC Vapi | 1254825 |
| 144 | JJC Vardhman Nagar | 16111 |
| 145 | JJC Vasai | 83222 |
| 146 | JJC Vashi | 1772919 |
| 147 | JJC Vidya Vihar | 46000 |
| 148 | JJC Vile Parle | 6392023 |
| 149 | JJC Visnagar | 19300 |
| 150 | JJC Wadhwan | 33000 |
| 151 | JJC Wakaner | 26351 |
| 152 | Scholarship Donations | 2288866 |
| 153 | Donation Received From Beneficiaries | 87910700 |
| | | |
| **Total Amount ( In ₹ )** | | **38,91,90,309** |

# JAIN JAGRUTI CENTRE CENTRAL BOARD CHARITABLE TRUST

201, Matharu Arcade, Above Axis Bank, Near Garware Plastic, Subhash Road, Vile Parle (E), Mumbai - 400 057.
Tel. : 6572 6636 ■ Tele-Fax : 66973038 ■ E-mail : admin@jainjagruti.com ■ Website : www.jainjagruti.com

## DETAILS OF FINANCIAL ASSISTANCE GIVEN TO STUDENTS TILL 31ST MARCH 2015

| Financial Year | FOR FOREIGN STUDIES (A) | | | | FOR HIGHER STUDIES IN INDIA (B) | | | | Total No. of Students (A + B) | Total Financial Assistance Amount Given ₹ (A + B) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | No. of Boys | No. of Girls | Total No. of Students | Amount of Financial Assistance Given ₹ | No. of Boys | No. of Girls | Total No. of Students | Amount of Financial Assistance Given ₹ | | |
| 2005 | 8 | 1 | 9 | 4,25,000 | 32 | 9 | 41 | 6,06,000 | 50 | **10,31,000** |
| 2006 | 19 | 4 | 23 | 10,90,000 | 82 | 15 | 97 | 15,80,500 | 120 | **26,70,500** |
| 2007 | 27 | 6 | 33 | 16,50,000 | 124 | 31 | 155 | 32,23,500 | 188 | **48,73,500** |
| 2008 | 49 | 15 | 64 | 67,75,000 | 379 | 99 | 478 | 1,60,22,750 | 542 | **2,27,97,750** |
| 2009 | 52 | 10 | 62 | 73,65,000 | 450 | 194 | 644 | 2,24,79,000 | 706 | **2,98,44,000** |
| 2010 | 56 | 14 | 70 | 97,50,000 | 508 | 183 | 691 | 2,74,58,450 | 761 | **3,72,08,450** |
| 2011 | 57 | 20 | 77 | 1,43,90,000 | 556 | 244 | 800 | 3,46,93,631 | 877 | **4,90,83,631** |
| 2012 | 76 | 13 | 89 | 2,34,25,000 | 622 | 254 | 876 | 4,35,50,020 | 965 | **6,69,75,020** |
| 2013* | 95 | 15 | 110 | 2,43,16,655 | 586 | 223 | 809 | 3,90,13,889 | 919 | **6,33,30,544** |
| 2014* | 146 | 38 | 184 | 3,58,86,889 | 463 | 215 | 678 | 3,39,40,027 | 862 | **6,98,26,916** |
| **Total** | **585** | **136** | **721** | **12,50,73,544** | **3802** | **1467** | **5269** | **22,25,67,767** | **5990** | **34,76,41,311** |

Notes : 1)* During last two years, Trust has given Bank loan interest of **Rs. 31.42 Lakhs** to **30 students** who have arranged Total Educational Bank Loans of **Rs. 5.32 Crores** from their Banks.

2) We have given Financial Assistance to Students for following Higher Education Courses in INDIA & ABROAD :
Aeronautical Engineer , B. Tech , B. Arch, BDS, BHMS, BMM, B. Pharmacy, Bach of Physiotherapy, Company Secretary. Chartered Accountant, Cost Accountant, Engineering, MBA, MBBS, MCA, MMS, M.S., P.G.D.M.

# શ્રી નેમિનાથ પરમાત્માની પ્રતિમાનું પુનઃ પ્રાગટ્ય અને રત્નસાર શ્રાવક

વર્તમાન અવસર્પિણીના ભરતક્ષેત્રની ભવ્ય ભોમકા પર બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથ પરમાત્માના નિર્વાણ બાદ બે હજાર વર્ષનો કાળ વીતી ગયો હતો. તે અવસરે સોરઠ દેશની ધન્ય ધરા પર કાંપિલ્ય નામના નગરમાં રત્નસાર નામનો એક ધનવાન શ્રાવક રહેતો હતો. અચાનક બાર-બાર વર્ષ સુધીના કારમા દુષ્કાળનો સમય આવ્યો. પશુઓ તો શું માનવો પણ પાણીના અભાવે મોતને ઘાટ ઊતરવા લાગ્યા અને અનેક પશુ-માનવોના દ્રવ્ય અને ભાવપ્રાણનો નાશ થવા લાગ્યો હતો. તેવા અવસરે આજીવિકાની મુશ્કેલી પડવાથી ધનોપાર્જન માટે રત્નસાર શ્રાવક દેશાંતરમાં ફરતો ફરતો કાશ્મીર દેશના નગરમાં જઈને વસ્યો હતો. રત્નસાર શ્રાવકનું સ્થળાંતર થવાની સાથે સાથે જાણે તેના નસીબનું પણ સ્થળાંતર ન થયું હોય! તેમ કોઈ પ્રચંડ પુણ્યોદયથી દિન-પ્રતિદિન અઢળક ધન કમાવા લાગ્યો. પૂર્વભવોમાં બાંધેલાં કોઈ પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી પ્રાપ્ત થયેલ લક્ષ્મીના પગલે પગલે તે સંપત્તિને સન્માર્ગે વ્યય કરવાના મનોરથ તેને જાગવા લાગ્યા. સંપત્તિનો સંગ્રહ કરવાને બદલે તેનો સદુપયોગ કરી સદ્‌ગતિ તરફ પ્રયાણાર્થે અરિહંત પરમાત્માની વિશિષ્ટ પૂજા-ભક્તિ માટે શ્રી આનંદસૂરિશ્વરજી મહારાજસાહેબની પુનિત નિશ્રામાં સિદ્ધાચલ, ગિરનાર આદિ મહાતીર્થોની સ્પર્શના કરવા પગપાળા સંઘયાત્રાનું પ્રયાણ કરે છે.

ગામોગામ દેવ-ગુરુ અને સાધર્મિક ભક્તિ તથા નવાં નવાં જિનાલયોના નિર્માણ કરાવતા કરાવતા શ્રી આનંદસૂરિ ગુરુની અપાર ભક્તિ કરવાપૂર્વક સંઘ આગેકૂચ કરી રહ્યો હતો. પૂર્વકૃત અશુભ કર્મોદયથી સંઘમાર્ગમાં અંતરાયભૂત બનતા ભૂત, વ્યંતર, વૈતાલ, રાક્ષસ અને યક્ષો દ્વારા થતાં ઉપસર્ગો અને વિઘ્નોનો નાશ કરવા શ્રી નેમિનિરંજનના શાસનના અધિષ્ઠાયિકા અંબિકાદેવીનું ધ્યાન ધરી રત્નસાર શ્રાવક સંઘયાત્રાને આગળ વધારી રહ્યો હતો. સ્વવતન કાંપિલ્ય નગરમાં સ્વામિવાત્સલ્ય સમેત ભક્તિથી ત્યાંના સંઘને નિમંત્રણ આપી, શ્રી આનંદસૂરિ ગુરુની આગેવાની હેઠળ શ્રી સંઘ આનંદસભર તીર્થાધિરાજ શ્રી સિદ્ધગિરિના શીતળ સાન્નિધ્યમાં આવ્યો. આનંદોલ્લાસપૂર્વક શાશ્વત તીર્થની ભક્તિ કરી શ્રી સંઘ રૈવતગિરિ મહાતીર્થના રમણીય વાતાવરણમાં પૂર્વમાં થયેલા અનંતા તીર્થંકરોની સિદ્ધભૂમિની સુવાસને માણવા લાગ્યો. વર્તમાન ચોવીસીના બાવીસમા તીર્થંકર બાળબ્રહ્મચારી શ્રી નેમિનાથ પ્રભુની કેવળજ્ઞાનભૂમિએ શ્રી નેમિજિનની પાવનીય પ્રતિમાની પૂજા કરી રત્નસાર શ્રાવક સાથે સંઘ મુખ્ય શિખર ભણી આગળ વધી રહ્યો હતો. તે અવસરે રસ્તે જતાં સૌએ છત્રશિલાને નીચેથી કમ્પાયમાન થતી નિહાળી. રત્નસાર શ્રાવક તરત જ અવધિજ્ઞાની ગુરુ આનંદસૂરિને આ છત્રશિલા કંપવાનું કારણ પૂછે છે ત્યારે અવધિજ્ઞાનના બળે પૂજ્ય ગુરુભગવંત આદરપૂર્વક જણાવે છે કે ‘હે રત્નસાર! તારાથી આ રૈવતગિરિ તીર્થનો ભંગ થશે અને તારાથી જ આ તીર્થનો ઉદ્ધાર પણ થશે.’

શ્રી જિનેશ્વર પરમાત્માનું શાસન જેના રોમેરોમમાં વસેલું છે એવા આ રત્નસાર શ્રાવક આ મહાતીર્થના ભંગમાં નિમિત્ત બનવા કેવી રીતે તૈયાર થાય? હૈયામાં ઊભરાતા ભાવ સાથે નેમિપ્રભુને નમવા આવેલો રત્નસાર શ્રાવક અત્યંત ખેદ સાથે દૂર રહ્યો રહ્યો જ નમન કરી પાછો ફરી રહ્યો હતો. ગુરુ આનંદસૂરિ જણાવે છે, ‘રતન! આ તીર્થનો ભંગ તારાથી થવાનો અર્થ તારા અનુગામી શ્રાવકો દ્વારા થશે. તારાથી તો આ મહાન તીર્થનો અધિક ઉદ્ધાર થશે, માટે ખેદ ન કરીશ!’ ગુરુભગવંતના આવા ઉત્સાહપૂર્વકનાં વચનો સાંભળી રત્નસાર શ્રાવક સંઘ સાથે રૈવતગિરિના મુખ્ય શિખરે પ્રવેશ કરે છે. હર્ષે ભરાયેલા સૌ યાત્રાળુઓ ગજેન્દ્રપદ કુંડ (હાથીપગલાં)થી શુદ્ધ જળ કાઢીને સ્નાન કરવા લાગ્યા. રત્નસાર શ્રાવક પણ આ દિવ્ય જળથી સ્નાન કરી, ઉત્તમ વસ્ત્રોના પરિધાનપૂર્વક ગજપદ કુંડના જળને કુંભમાં ગ્રહણ કરી, જૈન ધર્મમાં દૃઢ એવા વિમલરાજા દ્વારા રૈવતગિરિ પર સ્થાપન કરેલ લેપમય શ્રી નેમિનાથ પ્રભુના કષ્ટમય પ્રાસાદમાં પ્રવેશ કરે છે.

સૌ યાત્રાળુઓ હર્ષવિભોર બની ગજપદ કુંડના શુદ્ધ જળના કુંભો ભરીભરીને પુષ્કળ પાણી વડે પ્રક્ષાલન કરતા હતા તે અવસરે અનેક વાર દેવતાઓ તથા પૂજારી દ્વારા નિષેધ કરવા છતાં તેમના આશયની અવગણના કરી, હર્ષાવેશમાં પુષ્કળ પાણી વડે પ્રક્ષાલન કરવાથી જળના એકધારા પ્રવાહના પ્રહારના કારણે લેપ્યમયી પ્રતિમાનો લેપ ગળવા લાગ્યો અને ક્ષણવારમાં તો તે પ્રતિમા અતિઆર્દ્ર માટીના પિંડ સ્વરૂપ બની રહી હતી. આ દૃશ્ય જોઈને રત્નસાર શ્રાવક અત્યંત આઘાત સાથે શોકાતુર બની મૂર્છા પામ્યો અને સકળ સંઘ શોકસાગરના ઊંડા જળમાં ડૂબી ગયો. ચોતરફ હાહાકાર મચી ગયો, સૌ નાસીપાસ

થયા. સંઘપતિ રત્નસાર શ્રાવક પર શીતળ જળના ઉપચારો થતાં થોડી વારમાં તે પુનઃ સ્વસ્થતાને પામ્યો. પ્રભુજીની પ્રતિમા ગળવાથી ભાંગી પડેલા હૈયાવાળો રત્નસાર શ્રાવક બેબાકળો બની વિલાપ કરવા લાગ્યો કે 'આ મહાતીર્થનો નાશ કરનાર એવો હું મહાપાપી! મને ધિક્કાર હો! અજ્ઞાની એવા મારા અનુયાયી યાત્રિકોને પણ ધિક્કાર હો! અરે! આ શું થઈ ગયું? ઊછળતા હૈયાના ભાવ સાથે આ મહાતીર્થને ભેટવા આવ્યો અને તીર્થોદ્ધારને બદલે તીર્થનાશમાં નિમિત્ત બની ગયો? હવે હું ક્યા દાન-શીલ-તપ-ભાવધર્મના કાર્ય કરું? જેના પ્રભાવે મારું આ પાપકર્મ ધોવાઈ જાય! ના! ના! હવે તો અનેક સુકૃતો કરવા છતાં પણ મારું આ દુષ્કૃત્ય ધોવાશે નહીં એવું લાગે છે! હવે વ્યર્થ ચિંતા કરવી શી કામની? બસ! હવે તો નેમિનાથ પરમાત્મા જ મને શરણભૂત હો!' એવા દૃઢ સંકલ્પ સાથે રત્નસાર શ્રાવક તો ચારે આહારપાણીનો ત્યાગ કરી ત્યાં જ પ્રભુનાં ચરણોમાં આસન લગાવી બેસી ગયો.

કાળચક્રના પગલે પગલે એક પછી એક દિવસો પસાર થવા લાગ્યા. રત્નસાર શ્રાવકના સત્ત્વની પરીક્ષાનો પ્રારંભ થવા લાગ્યો. અનેક ઉપસર્ગો આવવા છતાં રતન પોતાના સંકલ્પમાં અડગ રહ્યો. રતનના સત્ત્વ અને અડોલતાના પ્રભાવે સંતુષ્ટ થયેલ શાસનનાં અધિષ્ઠાયિકા અંબિકાદેવી એક માસના અંતે પ્રગટ થયાં અને તેનાં દર્શન થતાં જ તપધર્મનો પ્રભાવ જાણી હર્ષાતુર થયેલો રતન અંબિકાદેવીને નમસ્કાર કરે છે. અંબિકાદેવી કહે છે 'હે વત્સ! તું ધન્ય છે, તું ખેદ શા માટે કરે છે? સ્વયં તીર્થયાત્રા કરવા સાથે અનેક ભવ્ય જીવોને સંઘ સાથે આ મહાતીર્થની યાત્રા કરાવી તે તારા મનુષ્યજન્મને સફળ કર્યો છે. આ પ્રતિમાનો જૂનો લેપ નાશ પામતાં નવો લેપ થયા જ કરે છે, તેથી જીર્ણ વસ્ત્ર કાઢી નવાં વસ્ત્ર ગ્રહણ કરાય તેમ તું પણ આ પ્રતિમાને નવો લેપ કરાવીને પુનઃ પ્રતિષ્ઠા કરાવ!' અંબિકાદેવીનાં આ વચનો સાંભળી વિષાદગ્રસ્ત બનેલો રતન કહે છે 'માઁ! આપ આવાં વચન ન ઉચ્ચારો! એક તો પૂર્વબિંબનો નાશ કરી હું ભારેકર્મી બન્યો છું, તેમાં આપની આજ્ઞાથી આ મૂર્તિને લેપ કરાવી પુનઃ સ્થાપન કરું તો ભવિષ્યમાં પુનઃ મારી માફક અન્ય કોઈ અજ્ઞાની આવા આ બિંબનો નાશ કરનારો થશે. માટે હે મૈયા! જો આપ મારા તપથી ખરેખર સંતુષ્ટ થયાં હો તો મને એવી કોઈ અભંગ મૂર્તિ આપો જેથી ભાવિમાં કોઈનાથી તેનો નાશ ન થઈ શકે અને ભક્તજનો ભાવથી જલાભિષેક આદિ કરવાના પોતાના મનોરથોને પૂર્ણ કરી શકે!'

અંબિકાદેવી રત્નસાર શ્રાવકનાં આ વચનોને સાંભળ્યાં ન સાંભળ્યાંતુલ્ય બનાવી સ્વયં ત્યાંથી અદૃશ્ય થઈ ગયાં. અંબિકાદેવીને અદૃશ્ય થયેલાં નિહાળી ક્ષણ બે ક્ષણ તો રત્નસાર અસ્વસ્થ બન્યો, પરંતુ અજોડ સત્ત્વનો સ્વામી રતન સ્વસ્થ બની પુનઃ અંબિકાદેવીના ધ્યાનમાં બેસી ગયો. તેના મહાસત્ત્વની કસોટી કરવા દેવીએ અનેક ઉપસર્ગો દ્વારા રતનને પોતાના ધ્યાનમાંથી ચલાયમાન કરવાના ઘણા પ્રયત્નો કર્યા, પણ મેરૂસમ અડોલ એવો રતન ટસનો મસ ન થયો, ત્યારે ગર્જના કરતા સિંહવાહનની ઉપર આરૂઢ થઈ ચારેદિશાના સમસ્ત પ્રદેશમાં પ્રકાશ પ્રસરાવતાં અંબિકાદેવી પુનઃ પ્રત્યક્ષ થઈ કહે છે, 'હે વત્સ! તારા દૃઢ સત્ત્વથી હું ખૂબ સંતુષ્ટ છું, માટે તારા મનની જે ઈચ્છા હોય તે મારી પાસે માગી લે? દેવીનાં આ વચનો સાંભળતાંની સાથે જ રત્નસાર શ્રાવક કહે છે, 'હે માઁ! આ મહાતીર્થના ઉદ્ધાર સિવાય મારો અન્ય કોઈ પણ મનોરથ નથી, આપ મને શ્રી નેમિનાથપ્રભુની એવી વજ્રમય મૂર્તિ આપો કે જે શાશ્વત રહે, જેને પૂજીને મારો જન્મ કૃતાર્થ કરું અને અન્ય પૂજનાર જીવો પણ હર્ષોલ્લાસને પામે!' અંબિકા કહે છે, 'સર્વજ્ઞ ભગવંતે તારા હાથે તીર્થનો ઉદ્ધાર થવાનો કહ્યો છે, માટે તું મારી સાથે ચાલ! મારા પગલે પગલે આજુબાજુ દૃષ્ટિ નાખ્યા વગર ચાલ્યો આવ'. રત્નસાર શ્રાવક દેવીના પગલે પગલે આગળ જવા લાગ્યો. ડાબા હાથ તરફનાં અન્ય શિખરોને છોડતાં છોડતાં દેવી પૂર્વ દિશા તરફના હિમાદ્રિ પર્વતના કંચન શિખર ઉપર ગયાં, જ્યાં સુવર્ણ નામની ગુફા પાસે આવીને દેવી સિદ્ધવિનાયક નામના અધિષ્ઠાયક દેવને વિનંતી કરે છે, 'હે ભદ્ર! ઈન્દ્ર મહારાજાના આદેશથી આપ આ શિખરના રક્ષક છો તેથી આ દ્વાર ઉઘાડો'. દેવીના આદેશથી સિદ્ધવિનાયક તરત જ ગુફાનાં દ્વારો ખોલે છે ત્યારે અંદરથી દિવ્ય તેજપુંજનો પ્રકાશ પ્રગટ થયો અને આગળ અંબિકાદેવી અને પાછળ રત્નસાર શ્રાવક આ દિવ્ય ગુફામાં પ્રવેશ કરે છે. સુવર્ણમંદિરમાં બિરાજમાન એવી વિવિધ મણિ, રત્ન વગેરેની મૂર્તિઓ બતાવતાં કહે છે, 'હે રતન! આ સૌધર્મ નામના ઈન્દ્રે બનાવેલી મૂર્તિ છે, આ ધરણેન્દ્રે પદ્મરાગમણિમાંથી નિર્માણ કરેલ મૂર્તિ છે. આ મૂર્તિઓ ભરત મહારાજા, આદિત્યયશા, બાહુબલી વેગેરેએ રત્ન, માણેક વગેરેની બનાવેલી તથા દીર્ઘકાળ સુધી આ બિંબોની પૂજા-ભક્તિ કરેલ છે, આ બ્રહ્મેન્દ્ર દ્વારા રત્ન-મણિનો સાર ગ્રહણ કરીને બનાવેલી છે, જે શાશ્વત મૂર્તિ જેવી છે અને અસંખ્યાત કાળ સુધી તેમના બ્રહ્મલોકમાં

પૂજાયેલી છે. આ રામ અને કૃષ્ણ દ્વારા બનાવેલી છે, આ મૂર્તિઓમાં તને જે પસંદ પડે તે મૂર્તિ તું ગ્રહણ કર!'

માનવીના મનને હરી લેનારા આવા મનોરમ્ય દેવાધિદેવનાં દિવ્ય બિંબોને નિહાળી રત્નસાર શ્રાવક તો પ્રસન્નતાનાં પરમોચ્ચ શિખરોને સર કરવા લાગ્યો. આજે તેનો હર્ષ માતો ન હતો, એક પ્રતિમા જુઓ અને બીજી ભૂલો. કઈ પ્રતિમા પર પસંદગી ઉતારવી તેનો નિર્ણય કરવો અતિકઠિન કાર્ય બની ગયું. અંતે તેણે મણિરત્નાદિમય જિનબિંબની પસંદગી કરી ત્યારે અંબિકાદેવીએ કહ્યું, 'હે વત્સ! ભાવિના દુષમકાળમાં લોકો શંકારહિત, નિષ્ઠુર, લોભથી ગ્રસ્ત અને મર્યાદા વિનાના થશે. તેઓ આ મણિરત્નમય બિંબની આશાતના કરશે. તને આ તીર્થના ઉદ્ધારના પુણ્ય કરતાં પાછળથી ઘણો પશ્ચાત્તાપ થશે. માટે આ મણિરત્નમય મૂર્તિનો આગ્રહ છોડી દે અને બ્રહ્મેન્દ્ર દ્વારા રત્ન-માણિક્યના સાર વડે બનાવાયેલ સુદૃઢ, વીજળી, વાવાઝોડાં, અગ્નિ, જળ કે લોખંડ, પાષાણ કે વજ્રથી પણ અભેદ્ય, મહાપ્રભાવક એવી આ પ્રતિમાને ગ્રહણ કર!' આટલું કહી દેવીએ બાર યોજન દૂર સુધી પ્રકાશિત થતાં તેજોમય મંડળને પોતાની દિવ્યશક્તિ વડે પાછું ખેંચી લઈ સામાન્ય પાષાણ જેવી તેજોમય પ્રભા વિનાની પ્રતિમા બનાવીને કહ્યું, 'હવે આ મૂર્તિને કાચા સૂતરના તાંતણા વડે બાંધીને આજુબાજુ કે પાછળ જોયા વગર સડસડાટ લઈ જા! જો માર્ગમાં ક્યાંય પણ વિરામ કરીશ તો આ બિંબ તે જ સ્થાનમાં સ્થિર થઈ જશે.' રત્નસાર શ્રાવકને આ પ્રમાણે સૂચના કરી અંબિકાદેવી સ્વસ્થાને પાછાં ફર્યાં.

અંબિકાદેવીના અસીમ કૃપાબળે પ્રતિમાને લઈ રત્નસાર શ્રાવક દેવીના આદેશ મુજબ આજુબાજુ કે પાછળ જોયા વગર અસ્ખલિત ગતિ વડે કાચા સૂતરના તાંતણા વડે બંધાયેલ આ બિંબને જાણે કે, રૂનું પૂમડું ઉપાડ્યું ન હોય! તેમ આ જિનબિંબને જિનાલયના મુખ્ય દ્વાર સુધી લાવે છે, તે અવસરે વિચારે છે કે જિનાલયમાં રહેલ પૂર્વની લેપમય પ્રતિમાને ખસેડીને અંદરની ભૂમિને પ્રમાર્જીને જ્યાં સુધી સાફસૂફ ન કરું ત્યાં સુધી આ નવા જિનબિંબને અહીં જ મૂકી રાખું. પ્રાસાદની અંદર સાફસૂફી કરીને બહાર આવીને રત્નસાર શ્રાવકે જ્યાં નવા બિંબને અંદર લઈ જવાનો પ્રયાસ કર્યો ત્યાં જ તે પ્રતિમા તે જ સ્થાને મેરૂ પર્વતની જેમ કરોડો મનુષ્યથી પણ ચલાયમાન ન થઈ શકે તે રીતે અડગ થઈ જાય છે. આ અવસરે રત્નસાર શ્રાવક ચિંતાતુર બનીને ચારેય આહારપાણીનો ત્યાગ કરીને ફરી અંબિકાદેવીની આરાધનામાં મગ્ન બની જાય છે. નિરંતર સાત દિવસના ઉપવાસને અંતે અંબિકાદેવી પુનઃ પ્રગટ થઈને કહે છે. 'હે વત્સ! મેં તો તને પૂર્વે જ કહ્યું હતું કે, માર્ગમાં ક્યાંય વિરામ કર્યા વગર આ બિંબને લઈ જઈને પધરાવજે! ફોગટ પ્રયાસ કરવાનો કોઈ અર્થ નથી. હવે કોઈ પણ રીતે આ પ્રતિમા ખસી શકશે નહીં, હવે આ પ્રતિમાને યથાવત્ રાખી પશ્ચિમાભિમુખ દ્વારવાળો પ્રાસાદ કરાવ! અન્ય તીર્થોમાં તો ઉદ્ધાર કરનારા બીજા ઘણા મળશે, પરંતુ હાલ તો આ તીર્થનો ઉદ્ધારક તું જ છે તેથી તેમાં કોઈ વિલંબ ન કર!'

આ પ્રમાણે સૂચન કરી અંબિકાદેવી અંતર્ધ્યાન થાય છે, ત્યારે રત્નસાર શ્રાવક પણ તેના સૂચન મુજબ પશ્ચિમાભિમુખ પ્રાસાદ કરાવે છે. સકળ સંઘ સાથે હર્ષોલ્લાસપૂર્વક પ્રતિષ્ઠા મહોત્સવ કરાવે છે જેમાં આચાર્યો વડે સૂરિમંત્રોનાં પદોથી આકર્ષિત થયેલા દેવતાઓ તે બિંબ અને ચૈત્યને અધિષ્ઠાયકયુક્ત બનાવે છે, રત્નસાર શ્રાવક અષ્ટકર્મનાશક અષ્ટપ્રકારી પૂજા કરી, લોકોત્તર એવા જિન શાસનની ગગનચુંબી ગરિમાને દર્શાવતી મહાધ્વજાને આકાશમાં લહેરાવી, ઉદારતાપૂર્વક દાનાદિ વિધિ પૂર્ણ કરી ભક્તિથી નમ્ર બની, શ્રી નેમિનાથપ્રભુની સન્મુખ ઊભો રહી સ્તુતિ કરે છે...

'હે અનંત, જગન્નાથ, અવ્યક્ત, નિરંજન, ચિદાનંદમય અને ત્રૈલોક્યતારક એવા સ્વામી! આપ જય પામો, હે પ્રભુ! જંગમ અને સ્થાવર દેહમાં આપ સદા શાશ્વત છો, અપ્રચ્યુત અને અનુત્પન્ન છો અને રોગથી વિવર્જિત છો. દેવતાઓથી પણ અચલિત છો, દેવ, દાનવ અને માનવથી પૂજિત છો, અચિન્ત્ય મહિમાવંત છો, ઉદાર છો, દ્રવ્ય અને ભાવશત્રુઓના સમૂહને જીતનારા છો. મસ્તકે ત્રણ છત્ર શોભાયમાન હોય, બન્ને બાજુ ચામરો વીંઝાતાં હોય અને અષ્ટપ્રાતિહાર્યની શોભાથી ઉદાર એવા હે વિશ્વના આધાર! પ્રભુ! આપને નમસ્કાર થાઓ!.

ભાવવિભોર બની સ્તુતિ કર્યા બાદ રત્નશ્રાવક પંચાંગ પ્રણિપાત સમેત ભૂમિતલનો સ્પર્શ કરી અત્યંત રોમાંચ અનુભવતો જાણે કે સાક્ષાત્ શ્રી નેમિપ્રભુને જોતો ન હોય! તેમ તે મૂર્તિ સમક્ષ પ્રણામ કરે છે. તે અવસરે તેની ભક્તિથી સંતુષ્ટ થયેલાં અંબિકાદેવી ક્ષેત્રપાલાદિ દેવતાઓ સહિત ત્યાં પધારે છે અને રત્નસાર શ્રાવકના કંઠમાં પારિજાતનાં પુષ્પોની માળા પહેરાવે છે. પછી રત્નસાર શ્રાવક કૃતાર્થ થઈ સ્વજન્મને સફળ થયેલો માનીનો સૌરાષ્ટ્રની ભૂમિને જિનપ્રાસાદોથી વિભૂષિત કરી સાત ક્ષેત્રોમાં સંપત્તિ સ્વરૂપ બીજનું વાવેતર કરતો પરંપરાએ મોક્ષસુખનો સ્વામી થશે.

# વાત્સલ્યમૂર્તિ 'મા'

■ દિલીપ આર. પીપલિયા

જનનીની જોડ સખી નહીં મળે રે લોલ
મધર્સ ડે સ્પેશિયલ
લબો પે ઉસકે કભી બદદુઆ નહીં હોતી
બસ એક 'મા' હૈ જો
મુજસે ખફા નહીં હોતી.

ભવ્ય ભારતની આ પવિત્ર ધરતી પર પ્રાચીનકાળથી સંતો-મહંતો અને અરિહંતોની એક પરંપરા ચાલતી રહી છે. યુગેયુગે અનેક સંત-મહંત-અરિહંત આ પૃથ્વી પર અવતરતા રહ્યા છે અને જગતના જીવને કલ્યાણનો માર્ગ ચીંધતા રહ્યા છે, પરંતુ તેઓના જીવનપથ પર એક દૃષ્ટિ દોડાવીએ તો તુરત જ સમજાઈ જશે કે તેમને સંત-મહંત-અરિહંતની કક્ષા સુધી પહોંચાડનાર કોણ? એમાં મુખ્ય ભાગ ભજવનાર કોણ? તો એ છે 'મા'.

માનવજાતિના હોઠ પરનો સૌથી સુંદર શબ્દ જો કોઈ હોય તો તે છે 'મા'. કેટલી મીઠાશ ને મધુરતા છે આ શબ્દમાં. કુદરતે જગતની બધી જ મીઠાશ જાણે 'મા'માંના એક જ પાત્રમાં ઠાલવી દીધી છે. માતૃદેવો ભવ-માતાને દેવસમાન ગણી છે. 'મા' એટલે મમતાની મૂર્તિ... સંસારના અન્ય પદાર્થ પરના મમત્વ કરતાં સંતાન પરત્વે મમતાનું મમત્વ કંઈક અનેરું, અનોખું, અદ્‌ભુત હોય છે. જેની તોલે જગતનો કોઈ પણ પદાર્થ આવી ન શકે.

'મા'ની મમતાની બુંદ અમૃતસાગરથીય મોટું વિશાળકાય ને મધુર છે. માતાની વાત્સલ્ય રીત નિરાળી હોય છે. બાળક તરફ માતાને નથી સ્વાર્થદૃષ્ટિ કે નથી દોષદૃષ્ટિ. સંતાનના દોષથી એના વાત્સલ્યમાં નથી ઘટાડો થતો કે નથી એના ગુણ જોઈ વૃદ્ધિ થતી. જેમ ગાય એના વાછરડાને ચાટી-ચાટી સ્વચ્છ બનાવે છે તેવી રીતે વાત્સલ્યથી માતા બાળકના દોષો લઈ લે છે. તેને કોઈ ભય કે મલિનતા નથી. આ નિષ્કામ રસાનુભૂતિ બીજા કોઈ રસથી નથી થતી. વાત્સલ્યમાં દોષને ગુણરૂપે પરિણમવાની અપ્રતિમ શક્તિ છે. એ શક્તિ માતા જ ધરાવે છે. તેથી જ કહ્યું છે કે **Father is the Head of the House, Mother is the Heart of the House.**

માર્ગાનુસારીના પાંત્રીસ ગુણોમાં એક ગુણ માતા-પિતાની પૂજાનો મૂક્યો છે. સેવા નહીં પણ પૂજા! સેવા તો કદાચ તેમની લાચાર કે પરવશ અવસ્થામાં થાય, પરંતુ પૂજા તો અંતરના બહુમાનપૂર્વકની હોવાથી કોઈ પણ અવસ્થામાં થતી જ રહે છે તથા અવસ્થા નહીં અતંરની અમી જ મુખ્ય હોય છે. માતા-પિતાનું હૃદયપૂર્વક કરેલું પૂજન-અર્ચન બહુમાન બાળકને જગતની શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ઉત્તમોત્તમ કક્ષા સુધી પહોંચાડી દે છે એનું પ્રત્યક્ષ ઉદાહરણ છે ભગવાન મહાવીરનો માતૃપ્રેમ.

માતૃત્વ વિનાનું જીવન સ્ત્રીનું મધુર તોય અધૂરું જ છે, અપૂર્ણ જ છે. પૂર્ણતામાં ફેરવવું હોય તો માતૃત્વ મેળવવું જ રહ્યું. માતાએ જે બાળકને જન્મ પણ નથી આપ્યો, મુખ પણ નથી જોયું, છતાં માતા કેટલી ખુશખુશાલ હોય છે. એને બાળક માટે કેટલો પ્રેમ-મમતા હોય છે. જીવનમાં જો સફળતાનાં સોપાન સર કરી સિદ્ધિને પ્રાપ્ત કરવી હોય તો માતા-પિતાની લાગણીનો વિચાર કરજો. સૌથી મોટું કોઈ તીર્થ જો કોઈ હોય તો તે 'મા' છે.

આપણાં માતા-પિતા પ્રત્યે જો હૃદયમાં સદ્‌ભાવના ન હોય, પ્રેમ ન હોય, બહુમાન ન હોય, ભક્તિ ન હોય, એમના હૃદયને ઠારવાની ઝંખના ન હોય તો ધર્મ લાજે. માતા એટલે મમતાનો મહાસાગર, વાત્સલ્યનાં વારિ, કરુણાની કરોડરજ્જુ, જ્ઞાનની ગંગોત્રી અને પ્રેમનું પ્રાણકેન્દ્ર... આવા ગુણોવાળી માતા ભલે પછી અભણ હોય, ગમાર હોય, છતાં પણ જેવી હોય તેવી મારી તો 'મા' છે ને! પૂજનીય છે, વંદનીય છે. આ ભાવ જો હૃદયમાં રમતો ને ભમતો હોય તો અડસઠ તીર્થ માતાનાં ચરણોમાં સમાયેલાં છે. પછી કોઈ તીર્થ કરવાની જરૂર નથી.

ભગવાને જીવનમાં માતા-પિતા વિરુદ્ધનું વર્તન પણ કર્યું નથી તો એમના જીવનમાં ડગલે ને પગલે જે સફળતાનાં રહસ્યો પડેલાં છે, જે પ્રેરણાઓ ભરેલી છે એને ઝીલવાની છે. એમનું સમગ્ર જીવનચરિત્ર એ આપણા જીવનનો નકશો છે, પ્લાન છે. એના આધારે આપણે મહેલ ઊભો કરવાનો છે. આપણા જીવનની અંદર ધર્મની મહેલાત ઊભી કરવા 'મા'ના આવા જીવનપ્રસંગોને વિચારવાની, ચિંતન-મનન કરવાની જરૂરિયાત છે. તો જ આપણા જીવનનું પ્લાનિંગ થશે અને સફળતાના શિખરે પહોંચીશું.

કોઈક આપણી ફિકર કરે છે એ આપણને ગમે છે. સાવ નાનીઅમથી વાતમાંય કોઈ આપણી સંભાળ રાખે ત્યારે જિંદગી જીવવાનો નશો ચઢે છે, આપણને તર-બ-તર કરી મૂકે છે. આપણી સંભાળ રાખતી વ્યક્તિની દરરોજની માવજત આપણને કેટલી બધી હેલ્પફૂલ થાય છે એની ખબર એની ગેરહાજરીમાં થાય છે. આપણને ખબર જ નથી હોતી કે નાનીનાની કેટલી બધી બાબતો વચ્ચે આપણે સાવ ઘેરાયેલા રહીએ છીએ. પ્રેમાળ વ્યક્તિ હોંશેહોંશે સેવાઓ આપતી હોવાને કારણે એ બધું કરવાનો એને પણ થાક નથી લાગતો.

નામ વગરનો સંબંધ હોય છે અને સંબંધ વગરનું પણ

નામ હોય છે, જે બાંધ્યા વગર તમને તાણી જાય છે અને નવો ઓવરબ્રિજ બનાવીને જીવનનો રસ્તો સાવ અમસ્તો બનાવી આપે છે તે સંબંધ. સંબંધનું ટાઈમટેબલ નથી હોતું. સંતોષનો ઠહેરાવ તમારા એકાંતને પંપાળતો હોય ત્યારે જે તમને યાદ આવે છે, યાદ અપાવે છે તે સંબંધ છે 'મા'.

માતાની ઝેરોક્ષ કૉપી નથી નીકળતી. એની જોડે બેસી શકે એવો ખુદ ઈશ્વર પણ નથી. વરસાદ કાયમ આવે છે અને કાયમ માણવા માટે ઓછો જ પડે છે. એવું જ માતાનું વાત્સલ્ય છે. માતા દુઃખી હશે, પરંતુ નિરાશ ક્યારેય નહીં હોય! એની આંખોમાં આંસુ શોભે છે. એ સંતાનો માટે પ્રાર્થના કરવા મંદિરે નથી જતી, એનું વર્તન પ્રાર્થના બની જાય છે.

માના કાળજામાં સંતાનોને લાડકોડથી ઉછેરવાનો ઉત્સવ ઊજવાતો હોય છે. મા આશિષ બોલીને આપવામાં માનતી નથી, હૈયું ખોલીને આપવામાં માને છે. માટે તેમાં ચળકતી ચાંદનીનો ઉજાસ તો આથમી જાય, પણ જેનો ઉજાસ હરહંમેશાં ચૌદ લોકને અજવાળે છે તે માતા છે. ગંગાના પ્રવાહમાં પૂર આવી શકે છે, પરંતુ માતાનો પ્રેમપ્રવાહ તો એકસરખો જ વહે રાખે છે.

પ્રેમાળ માતા સંતાનો માટે જીવનમાં સૌથી મહામૂલી એક સોગાદ છે. આવી પ્રેમાળ માતાનો જેટલો લહાવો લેવાય તે સંતાનો માટે કાયમી સ્નેહભર્યું-ભાવભર્યું સંભારણું બની રહે છે.

સંતાનો મોટાં થાય ત્યારે તેમને મિત્રો મળશે, માયાળુ, મહોબતીલા ભેરુઓ મળશે, પણ એકમાત્ર મા સિવાય બીજું કોઈ જે આપી શકતું નથી એવી શબ્દોથી અવ્યક્ત મમતા અને શીતળતા તો ફરી ક્યારેય તમને સાંપડવાની નથી.

એવું કહેવાય છે કે માતા મૃત્યુ પામે ત્યારે માતૃત્વનું મૃત્યુ થતું નથી, માતૃત્વ આપણી દરેક ઘટનાઓ સાથે સદા માટે સંકળાયેલ રહે છે. માતા સાથે અંતરના સંબંધો, આત્મીય સંબંધો જીવન પર્યંત આપણી સાથે જ રહે છે.

સુસ્મિતાબહેને આ વાત તેમના એક લેખમાં સરસ રીતે સમજાવી છે. તેમણે લખ્યું છે કોઈ પણ સંતાન માટે માતા કદી મૃત્યુ પામતી નથી. તે તો જીવે છે તેમનાં સંતાનો સાથે. તેઓ હોય છે આપણી સાથે. સતત એમનું સાંનિધ્ય આપણે અનુભવીએ છીએ.

માતા આપણા માટે આખું જગત રાખીને જાય છે, પરંતુ એથી વધુ આપીને જાય છે એમાંથી શું લેવું અને શું ન લેવું તેની સમજ વેરી જાય છે, થોડાં સપનાં અહીંતહીં જે મહોરે છે. આપણી સાથે સમયે સમયે યાદ કરાવે છે. જિંદગીનાં મૂલ્યો એને ફરી ભરી દે છે. પ્રેમની હૂંફથી ઊભા થયેલ શૂન્યાવકાશને ભરી જાય છે. શ્રદ્ધા જિંદગીને જીવવાની, માણવાની, સમજવાની. સ્વ. હરીન્દ્રભાઈ દવેએ એવું લખેલું : માણસ માને ગુમાવે છે ત્યારે વેદના થાય છે, પણ માતા તેમનાં સંતાનોથી ક્યારેય દૂર જતી નથી. ક્યારેક આપણે ભૂલ કરતાં હોઈએ ત્યારે ભીતરથી કોઈક સાદ સંભળાય છે. કાન માંડીને સાંભળીએ તો એ સાદ આપણી માનો હોય તો કદાચ નવાઈ ન લાગે.

અને હવે અંતમાં કહું તો : આપણા સહુની નિકટની ઉપકારીની મમતા પામીને આપણે ધન્ય બન્યા. પ્રેરણાની મૂર્તિ, કરુણાનો ભંડાર, અભણ છતાં જ્ઞાનના ખજાનાસમી એક યુનિવર્સિટી આપણને જીવન જીવવાનો સાચો રાહ બતાવે છે. પ્રસન્ન જીવનની પગદંડી છે. જીવનની રાહ અને ચાહ બદલાવે છે. ઘરને તીર્થ બનાવે છે. મનને મંદિર બનાવે છે. આવો આજે આપણે માના જીવનપ્રસંગોની સાથે જીવનરાહ પામીએ, શાંતિ, સમાધિ અને સ્વાસ્થ્યતા પ્રાપ્ત કરીએ એ જ મધર્સ ડેએ આપ સહુને મંગલકારી ભાવના.

મેં વાંચેલ અનેકવિધ લેખોમાંથી સંકલિત અંશો મારાં માતુશ્રી ગં.સ્વ. અનસૂયાબહેનને સમર્પિત...

---


**बिना दवाई के सरल और सचोट उपचार से,**
**रजवाडी ठाठ से जीने की कला**

♦ हार्ट ब्लोकेजेस कम करना ♦ कमर दर्द ♦ साईटीका का पिडादायक दर्द ♦ स्पोडीलाईसीस ♦ घुटने का दर्द ♦ माईग्रेन ♦ डिप्रेसन ♦ वजन घटाना एवं अन्य रोगों के इलाज की सलाह और उपचार किसी भी तरह की दवा दिये बिना और आप जो दवाईयां ले रहे है वह बंद करवाये बिना सिर्फ बाहरी उपचार, बिना साईड इफेक्ट, नुकसान रहित और लाभदायक ।

*नीचे की अल्टरनेटीव थेरेपी का उपयोग करके।*

मेरीडीयन मसाज थैरेपी ♦ एक्युप्रेसर थैरेपी ♦ पास थैरेपी ♦ बुहांग इनस्ट्रूमेंट ♦ सभी मेरीडीयनोलेजी पर आधारित और नेचरोपथी थेरेपी के विशेषज्ञ

*आपके घर आकर तपास कर सही इलाज किया जायेगा।*

ADVT.

Raajendra S. Shah (Sr. therapist) Matunga, Mumbai.
**Mob.: 9820002953 • Tel.: 022-24121234**

# ભગવાન હવે અવતાર ક્યારે લેશે?

■ નાનુભાઈ સંઘવી

મહાભારતના યુદ્ધ સમયે કુરુક્ષેત્રમાં શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને કહ્યું હતું: 'જ્યારે જ્યારે ધર્મ નબળો પડે છે, અધર્મ જોર પકડે છે ત્યારે સજ્જનોને રક્ષણ આપવા તથા દુષ્ટ માણસોનો નાશ કરવા તથા ધર્મને સ્થાપવા હું યુગેયુગે પ્રગટ થાઉં છું.' ભગવાન સ્વયં આવી હૈયાધારણ આપે તેનાથી દરેક સજ્જન વ્યક્તિને હિંમત રહે છે કે તેને વાંધો નહિ આવે અને તે રીતે તેઓની શ્રદ્ધા અને ધીરજ વધે છે અને અનેક સંકટો વચ્ચે પણ તેમનો આસ્થાદીપ એકધારો ઝળહળતો રહે છે અને તેમની ભક્તિનૌકાની સફર સંસારસાગરમાં સુખ અને સંતોષપૂર્વક પ્રગતિ કરતી રહે છે. 'ભગવાનની કૃપાથી હજી સુધી કંઈ તકલીફ પડી નથી,' 'ભગવાને મને બચાવી લીધો,' 'પ્રભુને જે ઠીક લાગ્યું તે ખરું' આ અને આવાં વિધાનો અને ઉદ્ગારો ભગવાનની અપાર શક્તિ તથા તેમના અસ્તિત્વ પ્રત્યેની આપણી શ્રદ્ધાની સાક્ષી પૂરે છે.

જ્યારથી માણસે પૃથ્વી પર જન્મ લીધો ત્યારથી કદી પણ તે સંપૂર્ણ રીતે પાપમુક્ત તો નહોતો જ, કારણકે દરેક માણસમાં દેવ તેમ જ દાનવનો અંશ વત્તાઓછા પ્રમાણમાં હોય છે. સાંપ્રત પરિસ્થિતિને લગતી અતિશયોક્તિને ન ગણકારીએ તોપણ એટલું નિર્વિવાદ છે કે મોટા ભાગના માણસો અત્યારની સ્થિતિથી 'ત્રાહિમામ્' પોકારી ગયા છે. જેને સમાજનું દર્પણ કહીએ છીએ તે વર્તમાનપત્રો લૂંટ, ચોરી, ભ્રષ્ટાચાર, દમન, અન્યાયના સમાચારોથી ભરેલાં હોય છે. સારા માણસો અને સારાં કાર્યોનું અસ્તિત્વ છે જ નહિ તેવું નથી, પણ તેમનું પ્રમાણ અલ્પ છે તેવું લાગે છે અને તેથી જ ઈશ્વરમાં માનનારા ઘણા માણસો ભગવાન તું હવે અવતાર નહિ લે તો ક્યારે લેશે? તેવી ચિંતા અને ભય વારંવાર વ્યક્ત કરી રહ્યા છે. પ્રશ્ન એ થાય છે કે ભગવાન અવતાર લે તો કેટલી વાર અવતાર લીધા કરે? ભગવાને કેટલાય અવતાર લીધા, પણ તેનું કાયમી પરિણામ શું આવ્યું? જેમ શિક્ષક વર્ગમાં આવે ત્યારે તોફાની વિદ્યાર્થીઓ શાંત થઈ જાય અથવા તેમને વર્ગની બહાર મોકલી દેવામાં આવે ત્યારે શાંતિ સ્થપાય, પણ શિક્ષક વર્ગની બહાર જાય પછી પાછું એનું એ તોફાન! તે જ રીતે ઈશ્વરે ઘણી વાર અવતાર લઈને સત્યધર્મથી ન્યાયની સ્થાપના કરી, પણ તેમની વિદાય પછી ફરીથી દાનવી બળો પોતાનો દોર શરૂ કરી દે. જો આમ બન્યા જ કરવાનું હોય તો ભગવાન કેટલી વાર આવે અને જાય?


વળી ભગવાનને અવતાર લેવો હોય તો હવે તો ક્યા દેશમાં જન્મ લેવો તે નક્કી કરવું પણ કદાચ તેમને માટે વિકટ બની જાય. વ્યક્તિગત તેમ જ સામૂહિક રીતે જ્યાં સૌથી વધારે અનિષ્ટો હોય ત્યાં ભગવાને અવતાર લેવો પડે.

ચોરી, કામચોરી, જુલમ, ભ્રષ્ટાચાર, ફરજ તરફની અવગણના, જીવદયાનો અભાવ, દંભ, 'સત્યવાદીને સજા, જૂઠાંને મજા', 'રક્ષક અને ભક્ષક' જેવાં દૂષણો વધારે હોય તે દેશને પ્રાધાન્ય મળે. આમ જોઈએ તો દરેક બાબતમાં પશ્ચિમી દેશો આગળપડતા હોય છે, પણ ત્યાં કામચોરી અને ફરજપાલનની અવગણના નથી હોતી, તેથી ભગવાને પૂર્વના દેશો તરફ દૃષ્ટિ કરવી પડે. તો બધી રીતે, જન્મ લેવા માટે ભગવાન ભારત દેશની પસંદગી કરે તો આપણે આશ્ચર્ય-આઘાત ન અનુભવવા જોઈએ.

ભગવાન કદાચ સ્થૂળ દેહે અવતાર ન લે તેવું પણ બને અને પોતાની પ્રતીતિ-અભિવ્યક્તિ સૂક્ષ્મ સ્વરૂપે અવારનવાર ઝલક દેખાડી અદૃશ્ય રીતે કરે તેવું પણ શક્ય છે. અપેક્ષા પણ ન હોય તેવા સંજોગોમાં અચાનક જ પરિસ્થિતિ સુખદ વળાંક લે ત્યારે આવી અનુભૂતિ ભાવકજનોને થતી હોય છે. પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે પ્રભુની આવી અનુભૂતિ માણસમાં ડગી રહેલી શ્રદ્ધાને ફરીથી પુનર્જીવિત કરી આપે છે. કદાચ એવું પણ બને કે ભગવાન પોતે અવતાર ન લે, પણ આપણે તેમને શોધવા પડે. અહીં જ આપણી ખરી કસોટી શરૂ થવાની. ભગવાન અવતાર લઈને બધું બરાબર કરી આપશે અને આપણે કંઈ કરવાનું રહેશે નહિ એમ માનીને બેસી રહેવાનો પણ અર્થ નથી. ઈશ્વરને શોધવા આપણે અંતર્મુખી બનીને આપણે ક્યાં માર્ગ ભૂલ્યા છીએ! તેનું સંશોધન કરીને ભક્તે અધ્યાત્મજ્ઞાન તથા સત્સંગ દ્વારા ચિત્તશુદ્ધિ કરવી પડશે. ચિત્તશુદ્ધિ થતાં આત્માને વળગેલાં જાળાં દૂર થઈ જવાથી પરમાત્માને પામી શકીશું. સાથેસાથે દરેક સજીવમાં ઈશ્વરને જોવાની ટેવ પાડવાથી જીવદયા અને બંધુત્વની લાગણીનો વિકાસ થશે.

આપણે આશા રાખીએ કે ભગવાન અવતાર લઈને જગતનો ઉદ્ધાર કરે. જો ભગવાન પોતે અવતાર ન લે તો ભગવાનની પ્રતિકૃતિ જેવા મહામાનવોને અને યુગપુરુષોને પૃથ્વી પર મોકલી આપે તેવી પ્રાર્થના કરીએ. આપણી અભ્યર્થના એ જ હોય કે 'હે પ્રભુ! તમે અવતાર ન લો તો અમને માણસમાંથી માનવ બનવાની પ્રેરણા, ઉત્કંઠા અને શક્તિ આપો જેથી અમે સૌ સાચા અર્થમાં માનવ બનીને, અમારા અંતરમનમાં જ, અમારા બાંધવોમાં જ અને કણકણમાં પણ તમને શોધી કાઢીશું.'

# પ્રતિષ્ઠિત APEA Award’ પ્રાપ્ત કરવા બદલ આપણા સેન્ટરના પ્રમુખ શ્રી નીતિનભાઈ સંઘવીને જે. જે. સી નોર્થ ઈસ્ટ તરફથી લાખ લાખ વધાઈ અને શુભેચ્છાઓ




ભારતની બિન સરકારી સંસ્થા
‘ધ એન્ટરપ્રાઈઝ ઈન્ડિયા’ દ્વારા
દરવર્ષે આર્થિક અને સામાજિક ક્ષેત્રે
ઉત્કૃષ્ટ અને વિશિષ્ટ પ્રદાન કરનાર
પ્રગતિવાદી કંપની કે જેની લોકચાહના
વિશ્વકક્ષા પર સફળતા હાંસલ કરીને
ઉચ્ચત્તમ સ્થાને પહોંચી હોય અને
સાથોસાથ કુશળ નેતૃત્વના ગુણો ધરાવનાર
ઉદ્યોગપતિને અપાતો પુરસ્કાર
પ્રાપ્ત કરવા બદલ આપણા સેન્ટરના પ્રમુખ
શ્રી નીતિનભાઈ સંઘવીને અનેક અભિનંદન !
આપ આ જ રીતે સફળતાની સીડી
ચઢતા રહો એવી શુભેચ્છાઓ !



શ્રી નીતિનભાઈ સંઘવી એટલે
એવી વ્યકિત કે જેની અંદર
ઊર્જા અને ઉત્કંઠાના સ્પંદનો સતત
વહેતાં રહે છે.
ચહેરા પર સદાય ફરકતું સ્મીત અને
દરેક કાર્યોમાં છલકાતી તત્પરતા
એમના આભૂષણ છે.
વ્યવસાયમાં નીતનવી ઊંચાઈઓ
સર કરવાની સાથે તેઓ
સામાજિક ક્ષેત્રે પણ
સદા અગ્રેસર રહ્યાં છે !

ADVT

# COME AND EXPERIENCE
# AN UNMATCHED LIVING SPACE SPREAD OVER 22 ACRES



Actual Site Photograph

**Ready to glance:** Exclusive Sample Villas • Grand Entrance Facade • Internal Roads

MANGALYAM
**meadows**
DISCOVER LIFE

Chanvai Village, Valsad

**The glimpse of exclusivity:** 412 beautifully designed villas | Nearly 3 km of internal roads with ornamental street lighting | Large water body at the entrance with night lighting | Enchanting water fountains and large landscaped gardens at various locations within the project | Grand and opulent clubhouse spread over 40,000 sq. ft. (approx.) over a water body having a swimming pool with wooden deck, open air cafe, 84 seater private theatre, separate children's theatre, 3000 sq. ft. banquet hall with attached 12,000 sq. ft. of lawn area, fully-equipped gymnasium, spa, soundproof discotheque, colonial styled library, 14 fully-equipped guest bedrooms and a host of other amenities

Disclaimer : The information in this ad is indicative of the kind of development that is proposed. Subject to the approval of the authorities or in the interest of continuing improvem in the leaflets/ brochures or any other printed material, are only indicative and artistic imagination, may not be exact or accurate, and the same does not form either the basis or p

Dalal Gruh & Infra Projects presents Mangalyam Meadows, a superior villa living near Valsad, where life unfolds the best of exclusive living. Adorned with new-wave features and best-in-class amenities, Mangalyam Meadows is nothing but a glorious manifestation of a supreme life amidst nature.



• Large Water Body at the Entrance

**BOOKINGS ARE OPEN**

## Call: 90290 94922, 86550 94922 | www.mangalyammeadows.com

**Mumbai Sales Office:** 43, 1st Floor, Swastik Plaza, V.M. Road, Juhu, Next to Kala Niketan, Vile Parle (W), Mumbai - 400056

**Sales / Site address:** Mangalyam Meadows, Chanvai Rabda Road, Chanvai Village, via Atul, District: Valsad - 396020

Call: 93281 94922 / 93272 94922 | sales@mangalyammeadows.com

t, the developers reserve the right to change the layout , plans, specifications or features without prior notice or obligation . The details, images, sketches and elevation contained of the offer or contract. The area shown in the plan includes the column offsets and plaster thickness.

DESIGN : Y ON WEB

ADVT

# નત મસ્તકે, ભાવાંજલિ...



અરિહંત શરણ
ચૈત્ર સુદ - ૭
ગુરૂવાર
૨૬/૩/૨૦૧૫
મહુવા નિવાસી

ઉંમર
૯૯ વર્ષ
હાલ - ઘાટકોપર

## ગં.સ્વ. ચંપાબેન મનસુખલાલ હેમચંદ સંઘવી

**જેજેસી-નોર્થ ઈસ્ટના પ્રમુખ શ્રી નીતિનભાઈ સંઘવીના માતુશ્રી**
**ગુરૂવાર, તા. ૨૬ માર્ચ, ૨૦૧૫ના રોજ અરિહંત શરણ પામેલ છે.**

સમાજમાં મૂઠી ઊંચેરું નામ અને સ્થાન પ્રાપ્ત કરનાર ધર્માભિમુખ
શ્રી નિતીનભાઈ સંઘવીના માતુશ્રી ગં. સ્વ. ચંપાબેન મનસુખલાલ સંઘવી
સ્નેહ, કરુણા અને વાત્સલ્યની સાક્ષાત મૂર્તિ સમાન હતાં.
એમણે સમગ્ર જીવન દરમ્યાન 'ધર્મ' અને 'કર્મ'નો સમન્વય સાધ્યો હતો.
સંપૂર્ણ આયુષ્ય સમતાથી જીવનાર આ ઉચ્ચ આત્માએ હાલમાં જ
પાલિતાણા ખાતે આયોજિત
'શ્રી ગિરિરાજ ૧૮ અભિષેક' યાત્રામાં સહભાગી થઈને
તળેટીમાં અભિષેક કરવાનો પૂણ્યશાળી લાભ લીધો હતો.
વાત્સલ્યમયી માતા ચાહે ગમે તે વયે શરીર ત્યાગીને પરલોક સિધાવે,
પણ તેની ખોટ તો વર્તાય જ છે. માતાના જવાથી જે શૂન્યાવકાશ સર્જાય છે
તે બીજા કશાથી પૂરી શકાતો નથી.

'જેજેસી નોર્થ ઈસ્ટ'ના દરેક દરેક મેમ્બર્સ
તથા તેમના પરિવારજનો તથા કારોબારી સભ્યો
પરમ વંદનીય માતુશ્રી ચંપાબેન સંઘવીને નત મસ્તકે વંદન કરીને
પરમ દયાળુ આદેશ્વરદાદાને અરજ કરે છે કે, આ આતમને આપનું શરણું આપજો...
'સંઘવી પરિવાર'ને માતૃશોક જીરવવાની શકિત પ્રાપ્ત થાય એવી અભ્યર્થના.


જે. જે. સી નોર્થ ઈસ્ટ પરિવાર

ADVT

# Education Felicitation Ceremony-2014




જેજેસી ચૅરિ. ટ્રસ્ટના આઇ. પી. ચૅરમૅન શ્રી કિશોર શાહનું
બહુમાન કરતા જેજેસી ચૅરિ. ટ્રસ્ટ અને સેન્ટર સેન્ટ્રલ બોર્ડની કમિટી



શ્રી સુભાષ રૂણવાલ વતી ટ્રૉફી સ્વીકારતા શ્રી કિશોર ખાભીયા
હ. જેજેસી ચૅરિ. ટ્રસ્ટના ચૅરમૅન શ્રી જિતેન્દ્ર કોઠારી




કહાનરાજ સર્વોદય ટ્રસ્ટ વતી ટ્રૉફી સ્વીકારતા શ્રી કિશોર શાહ
હ. જેજેસી ચૅરિ. ટ્રસ્ટના ચૅરમૅન શ્રી જિતેન્દ્ર કોઠારી



નીતિન સંઘવી વતી ટ્રૉફી સ્વીકારતા શ્રી રમેશભાઈ મહેતા
હ. જેજેસી ચૅરિ. ટ્રસ્ટના આઈ. પી. ચૅરમૅન કિશોર શાહ



મુકેશભાઈ દોશી વતી ટ્રૉફી સ્વીકારતા શ્રી જયેન્દ્ર ભેદા



આઈ. પી. ચૅરમૅન શ્રી કિશોર એન. શાહનું બહુમાન કરતા
ચૅરમૅન શ્રી રમેશ મોરબિયા



શ્રી પ્રવીણભાઈ જી. શાહનું બહુમાન કરતા
ચૅરમૅન શ્રી રમેશ મોરબિયા



ધર્મેશભાઈ જૈનનું બહુમાન કરતા શ્રી કિશોર એન. શાહ

# Education Felicitation Ceremony-2014



શ્રી દિનેશભાઈ શેઠનું બહુમાન કરતા શ્રી ધર્મેશ જૈન



શ્રી જેઠાલાલ મોરબિયાનું બહુમાન કરતા શ્રી ધર્મેશ જૈન



શ્રી મયુરભાઈ શાહ વતી ટ્રૉફી સ્વીકારતા શ્રી નરેશ દોશી
હ. વાઈસ ચૅરમૅન શ્રી સંજયભાઈ શાહ



શ્રી કાંતિલાલ છેડા વતી ટ્રૉફી સ્વીકારતા જયંતીભાઈ છાડવા
હ. સંજયભાઈ શાહ



શ્રી સુરેન્દ્ર જૈનનું બહુમાન કરતા શ્રી સંજયભાઈ શાહ




જેજેસી-નોર્થ ઈસ્ટની કમિટીનું બહુમાન કરતા
ચૅરમૅન શ્રી જિતેન્દ્ર કોઠારી




જેજેસી-સાયન-માટુંગાની કમિટીનું બહુમાન કરતા
શ્રી ધર્મેશ જૈન




જેજેસી-જુહુ બિચની કમિટીનું બહુમાન કરતા
ચૅરમૅન શ્રી રમેશ મોરબિયા

# Education Felicitation Ceremony-2014




જેજેસી-કાંદિવલીની કમિટીનું બહુમાન કરતા શ્રી કિશોર શેઠ



જેજેસી-બોરીવલીની કમિટીનું બહુમાન કરતા શ્રી કિશોર શેઠ



જેજેસી-મુંબઈની કમિટીનું બહુમાન કરતા શ્રી જયંતી છાડવા




જેજેસી-બિચસાઈડની કમિટીનું બહુમાન કરતા શ્રી જયંતી છાડવા



જેજેસી-ચેંબુરની કમિટીને ટ્રૉફી આપતા શ્રી ઉદયભાઈ સંઘવી



જેજેસી-મુલુંડની કમિટીનું બહુમાન કરતા પાસ્ટ ચૅરમૅન શ્રી કિરણ શાહ




જેજેસી-વિલે પાર્લેની કમિટીનું બહુમાન કરતા શ્રી કિરણ શાહ




જેજેસી-જુહુની કમિટીનું બહુમાન કરતા જાગૃતિ સંદેશના તંત્રી શ્રી રમેશ સંઘવી

# Education Felicitation Ceremony-2014



જેજેસી-અમૃતનગરની કમિટીનું બહુમાન કરતા શ્રી રમેશ સંઘવી



જેજેસી-શિવાજી પાર્કની કમિટીનું બહુમાન કરતા
ટ્રસ્ટના વાઈસ ચૅરમૅન શ્રી સી. આર. શાહ



જેજેસી-અંકલેશ્વરની કમિટીનું સન્માન કરતા શ્રી સી. આર. શાહ



જેજેસી-રાજાવાડીની કમિટીનું સન્માન કરતા
જેજસી બોર્ડના ડેવલપમેન્ટ સેક્રેટરી શ્રી અનિલ દોશી




જેજેસી-લે.વિં. સેન્ટ્રલ મુંબઈની કમિટીનું સમ્માન કરતા
ધર્મેશ જૈન અને અનિલ દોશી



જેજેસી-નવી મુંબઈની કમિટીનું બહુમાન કરતા
જેજેસી બોર્ડના ટ્રેઝરર શ્રી રાજેશ ભણશાળી



જેજેસી-વાપીની કમિટીનું બહુમાન કરતા
શ્રી રાજેશ ભણશાળી



જેજેસી-રૉયલ જગડુશાની કમિટીનું બહુમાન કરતા
બોર્ડના ટ્રેઝરર શ્રી રાજેશ ગાંધી

# અમેરિકાના વિજ્ઞાનીઓએ પુનર્જન્મના પુરાવાઓ રજૂ કર્યા છે

આજે દુનિયાના કોઈ પણ વિજ્ઞાનીને પૂછવામાં આવે કે તમે પુનર્જન્મ અને પૂર્વજન્મમાં શ્રદ્ધા ધરાવો છો ખરા? તો તેમનો જવાબ નકારમાં જ હશે. આ કારણે વિજ્ઞાનનો અભ્યાસ કરનારા કોઈ પણ વિદ્યાર્થીઓ આજે આત્મા, પરમાત્મા, પુનર્જન્મ અને પૂર્વજન્મને હંબંગ ગણાવતા થઈ જાય છે. આજના ધર્મગુરુઓ સમક્ષ સૌથી મોટી સમસ્યા એ છે કે વિજ્ઞાનને જ સર્વોચ્ચ સત્ય માનનારા યુવાનોમાં આસ્તિકતાનો પ્રચાર કેવી રીતે કરવો. આવા ધર્મગુરુઓની વહારે અમેરિકાની વર્જિનિયા યુનિવર્સિટીના હેલ્થ સાયન્સિઝ સેન્ટરના પર્સનાલિટીઝ સ્ટડીઝ વિભાગના વડા પ્રોફેસર ઈયાન સ્ટિવન્સન આવ્યા છે. આ વિજ્ઞાનીએ વિશ્વભરમાં પુનર્જન્મના કિસ્સાઓનો પદ્ધતિસર અભ્યાસ કરીને જાહેર કર્યું છે કે 'પુનર્જન્મ એક હકીકત છે અને દુનિયાના તમામ ધર્મોએ તેનો સ્વીકાર કરવો પડશે.' જર્મનીના ટ્રુટ્ઝ હાર્ડો નામના લેખકે વિશ્વભરમાં ફરીને, પુનર્જન્મના હજારો કિસ્સાઓનો અભ્યાસ કરીને 'રિઈનકાર્નેશન' નામનું પુસ્તક લખ્યું છે. આ પુસ્તકમાં જર્મની, સ્વિટ્ઝરલૅન્ડ, ડેન્માર્ક, ઇંગ્લૅન્ડ, ઇઝરાયલ, તુર્કી, શ્રીલંકા, થાઈલૅન્ડ, દક્ષિણ આફ્રિકા, કૅનેડા, અમેરિકા, બ્રાઝિલ, મ્યાનમાર અને લેબેનોન ઉપરાંત ભારતના કિસ્સાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

ભારતમાં જે વૈદિક, જૈન, બૌદ્ધ અને શીખ વગેરે ધર્મોનો ઉદ્ભવ થયો એ બધામાં પૂર્વજન્મ અને પુનર્જન્મની માન્યતાનું પ્રતિપાદન જ કરવામાં આવ્યું છે. આ ધર્મોનો પાયો જ હકીકતમાં આત્મા, પરમાત્મા, સ્વર્ગ, નર્ક, પૂર્વજન્મ, પુનર્જન્મ અને મોક્ષ છે.

જયપુર ખાતેની રાજસ્થાન યુનિવર્સિટીના પેરાસાઈકોલૉજી ડિપાર્ટમેન્ટના વડા પ્રોફેસર બેનરજીએ પોતાના કાર્યકાળમાં પુનર્જન્મના સેંકડો કિસ્સાઓની ચકાસણી કરી હતી. આ વિજ્ઞાની માટે મહત્ત્વનો મુદ્દો લોકોને પુનર્જન્મની માન્યતામાં શ્રદ્ધા ધરાવતા કરવાનો નહોતો, પણ બૌદ્ધિક જિજ્ઞાસાને વશ થઈને તેમણે વૈજ્ઞાનિક સંશોધન કર્યું હતું અને સાબિત કરી આપ્યું હતું કે પુનર્જન્મની માન્યતાને હકીકતમાં વૈજ્ઞાનિક આધાર છે.

પ્રોફેસર બેનરજી અને તેમના સહકાર્યકરોએ પુનર્જન્મના જે બે કિસ્સાઓની તપાસ કરી તેની વિગતો વિજ્ઞાનના જર્નલમાં પણ પ્રકાશિત કરવામાં આવી છે.

ગંગા નદીના ઉત્તર છેડે ચાંદગરી નામનું ગામ છે જેની વસતિ ભાગ્યે જ એક હજાર માણસોની છે. આ ગામમાં એક મહિલાએ એક પુત્રને જન્મ આપ્યો, જેનું મુનેશ નામ પાડવામાં આવ્યું. આ મુનેશ ત્રણ વર્ષનો થયો ત્યારે પોતાના મિત્રોને કહેવા લાગ્યો કે તે અહીંનો રહેવાસી નથી, પણ અથાર્ની નામના ગામનો રહેવાસી છે. એક વખત મુનેશે પોતાની માતાને કહ્યું, 'મારું નામ ભજન સિંહ છે અને હું ઈટાર્ની ગામનો રહેવાસી છું.' અગાઉ મુનેશ ઈટાર્નીનો ઉચ્ચાર જ અથાર્ની તરીકે કરતો હતો. મુનેશે પોતાની માતાને કહ્યું, 'ઈટાર્નીમાં મારું એક ઘર છે, એક કૂવો છે, બગીચો છે અને ખેતર છે. ત્યાં મારી માતા છે, ભાઈ છે, પત્ની છે અને એક પુત્ર પણ છે.' આ વાત સાંભળીને મુનેશની માતાને લાગ્યું કે તેને કોઈ ગાંડપણ વળગ્યું છે એટલે તેણે જોરથી તમાચો માર્યો. એ દિવસ પછી મુનેશે ઘરના લોકો સમક્ષ પોતાના આગલા જન્મ વિશે વાતો કરવાનું બંધ કરી દીધું, પણ પોતાના સ્કૂલના મિત્રો સમક્ષ તો ભજન સિંહ તરીકે ઈટાર્ની ગામના કિસ્સાઓ કહેવાનું ચાલુ જ રાખ્યું. જોકે, મુનેશના દાદાને તેની વાતમાં કંઈ તથ્ય લાગ્યું એટલે તેમણે ભજન સિંહના સરનામે ઈટાર્ની ગામમાં એક પત્ર લખ્યો અને બધી વિગતો જણાવી.

થોડા દિવસમાં ભજન સિંહનો ભાઈ ભૂરે સિંહ અને તેનો સાળો તપાસ કરવા ચાંદગરી આવી પહોંચ્યા. તેઓ મુનેશના ઘરે આવ્યા ત્યારે તે નિશાળે ગયો હતો. નિશાળેથી આવીને તે તરત જ ભૂરે સિંહને પગે લાગીને બોલ્યો કે 'તમે તો મારા ભાઈ ભૂરે સિંહ છો.' જોકે, તે ભૂરે સિંહના સાળાને ઓળખી શક્યો નહીં. ભૂરે સિંહે ઈટાર્ની વિશે અને ભજન સિંહ વિશે મુનેશને જેટલા પ્રશ્નો પૂછ્યા એ બધાના તેણે સાચા જવાબો આપ્યા. થોડા દિવસ પછી ભજન સિંહની વિધવા અયોધ્યાદેવી અને તેની ભાભી ઘૂંઘટ નાખી ચાંદગરી આવ્યાં. મુનેશે બન્નેને ઓળખી કાઢ્યાં. અયોધ્યાદેવીને તેણે લગ્નજીવનની એવી કેટલીક વાતો કરી જેની ખબર ભજન સિંહ સિવાય બીજા કોઈને જ નહોતી.

થોડા દિવસ પછી મુનેશના દાદા તેને લઈને ઈટાર્ની ગયા. અહીં તેને જોવા માટે મોટું ટોળું એકઠું થઈ ગયું હતું. આ ટોળામાંથી એક માણસને મુનેશે ઓળખી કાઢ્યો અને કહ્યું કે 'તું તો મારો ખાસ મિત્ર ભગવતીપ્રસાદ છે.' તે માણસનું નામ ખરેખર ભગવતીપ્રસાદ હતું અને તે ભજન

સિંહનો મિત્ર હતો. ત્યાર પછી તે ભજન સિંહના ઘરે પહોંચી ગયો અને તેની માતાના પગમાં પડી રડવા લાગ્યો. ભજન સિંહના મૃત્યુ પછી ઘરમાં જે કાંઈ ફેરફારો થયા હતા તે મુનેશે કહી બતાવ્યા. ભજન સિંહની પત્નીને તેણે પૂછ્યું, 'હું આગ્રાથી તારા માટે સાડી લાવ્યો હતો એ ક્યાં છે?' આ સવાલ સાંભળી ઘરના બધાને ખાતરી થઈ ગઈ કે આ ભજન સિંહનો જ અવતાર છે. અચરજની વાત એ હતી કે ભજન સિંહનું અવસાન થયું તેના બરાબર નવ મહિના પછી જ મુનેશનો જન્મ થયો હતો.

'રિઈનકાર્નેશન' પુસ્તકમાં ભારતનો જે બીજો કિસ્સો આપવામાં આવ્યો છે તે દસ વર્ષના નિર્મલ જૈનનો છે. ઉત્તર પ્રદેશના કોસી કાલાન ગામમાં રહેતા નિર્મલ ભોલાનાથ જૈનનું મરણ દસ વર્ષની ઉંમરે અછબડાને કારણે થયું હતું. મૃત્યુના થોડા દિવસ અગાઉ નિર્મલે પોતાની માતાને કહ્યું હતું, 'તું કંઈ મારી ખરી માતા નથી. હું હવે મારી ખરી માતા પાસે જઈ રહ્યો છું.'

કોસી કાલાન ગામથી નવ કિલોમીટર દૂર આવેલા છાત્તા ગામમાં પ્રકાશ નામના એક છોકરાનો જન્મ થયો. આ છોકરો જ્યારે સાડા ચાર વર્ષનો થયો ત્યારે કહેવા લાગ્યો, મારું નામ તો નિર્મલ ભોલાનાથ જૈન છે અને હું કોસી કાલાનનો રહેવાસી છું.

કોસી કાલાનના ભોલાનાથ જૈનને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તેઓ પોતાની દીકરીને લઈ પ્રકાશના ઘરે ગયા. પ્રકાશે તરત જ ભોલાનાથ જૈનને પોતાના પિતાશ્રી તરીકે ઓળખી કાઢ્યા, પણ સાથેની છોકરીને મોટી બહેન તરીકે ઓળખી કાઢી, જે હકીકતમાં નિર્મલની નાની બહેન હતી. આ વાત સ્વાભાવિક જ હતી, કારણકે ત્યારે પ્રકાશની ઉંમર ૧૧ વર્ષની થઈ ગઈ હતી. પ્રકાશને જ્યારે નિર્મલના ઘરમાં લઈ જવામાં આવ્યો ત્યારે તેણે બધી જ વ્યક્તિઓ અને વસ્તુઓ ઓળખી બતાવી. નિર્મલનાં બધાં જ સગાંઓને તો ખાતરી થઈ ગઈ કે આ નિર્મલનો જ બીજો અવતાર છે.

અમેરિકાની વર્જિનિયા યુનિવર્સિટીના વિજ્ઞાની ઈયાન સ્ટિવન્સને નિર્મલ જૈનનો આ કિસ્સો સાંભળ્યો ત્યારે તેઓ ભારતમાં જ રહેતા હતા. તેમણે જાતે નિર્મલના સૌથી મોટા ભાઈ સાથે છાત્તા જઈ પ્રકાશની મુલાકાત લીધી. પોતાના ગયા ભવના ભાઈને જોતાં જ પ્રકાશ તેને ઓળખી ગયો. ત્રણ વર્ષ પછી સ્ટિવન્સન પાછા છાત્તા ગયા ત્યારે તેમણે જોયું કે હવે તો બન્ને પરિવારો વચ્ચે અવરજવરનો સંબંધ બંધાઈ ગયો હતો અને તેમણે ભેટસોગાદોની આપ-લે કરવાનું પણ શરૂ કરી દીધું હતું. ઈયાન સ્ટિવન્સને પોતે પૂર્વજન્મ અને પુનર્જન્મના હજારો કિસ્સાઓની તપાસ કર્યા પછી જ જાહેર કર્યું હતું કે આ વાતને નક્કર વૈજ્ઞાનિક આધાર છે. આ હકીકતોને આજ સુધી કોઈએ પડકારી નથી.

ઈયાન સ્ટિવન્સને દુનિયાના જેટલા દેશોમાં પુનર્જન્મના કિસ્સાઓની તપાસ કરી તેમાંના મોટા ભાગના દેશો તો ખ્રિસ્તી અથવા મુસ્લિમ ધર્મમાં માનતા હતા. આ બન્ને ધર્મોમાં આત્માના પુનર્જન્મની માન્યતાનો ઈનકાર કરવામાં આવ્યો છે. તેમ છતાં તેવા દેશોમાં આવા સેંકડો કિસ્સાઓ જોવા મળ્યા હતા, જેમાંના અનેક કિસ્સાઓની વિગતો 'રિઈનકાર્નેશન' પુસ્તકમાં આપવામાં આવી છે. ભારતમાં આ પુસ્તકનું પ્રકાશન 'જઈકો બુક્સ' તરફથી કરવામાં આવ્યું છે. આત્મા, પૂર્વજન્મ, પુનર્જન્મ વગેરેને અવૈજ્ઞાનિક માની નકારી કાઢનારા સૌ કોઈએ અવશ્ય આ પુસ્તક વાંચવા જેવું છે.

## સરેરાશ આવરદા

પ્રથમ સારા સમાચાર જાણી લોઃ ૪૩ વરસ પહેલાં ૧૯૭૦માં જે આવરદા હતી, તે ૨૦૧૦માં હિન્દુસ્તાનના સરેરાશ પુરુષની આવરદા ૪૮ વરસથી વધીને ૬૩ વરસ, તેમ જ સ્ત્રીની આવરદા ૪૯થી વધીને ૬૭ વરસ થઈ છે (વિશ્વમાં ૬૧થી વધીને ૭૩ સ્ત્રી માટે અને ૫૬થી વધીને ૬૭ પુરુષ માટે), પરંતુ આ આયુષ્ય અવધિમાં પુરુષ લગભગ ૫૫ વરસ સુધી અને સ્ત્રી ૫૭ વરસ સુધી તંદુરસ્ત રહે છે. પાછળનાં વરસોમાં તંદુરસ્તી ખૂબ જ ખરાબ હોય છે.

આ અહેવાલ Global Burden of Desease Study ૨૦૧૦ તરફથી પ્રગટ થયો છે. એમ પણ જણાવાયું કે ગ્રામ્ય વિસ્તારમાં જ્યાં બળતણ માટે લાકડું, કોલસા અને છાણ વપરાય છે તે હિંદુસ્તાની ઘરનો મોટામાં મોટો શત્રુ છે. વિશ્વમાં ઊંચું બ્લડ પ્રેસર મૃત્યુનું મોટામાં મોટું કારણ છે, જ્યારે ભારતમાં ઉપરનાં કારણોથી થતું AIR POLLUTION મોટું કારણ છે. બીજાં કારણોમાં ઓછાં ફળોની વપરાશ, વધારે ઊંચું લોહીમાં ગ્લુકોઝ, દારૂનું સેવન, ઓછી કસરત, લોહતત્ત્વની ખાદ્ય આવે છે.

વિશ્વમાં તમાકુના સેવનથી થતાં મૃત્યુનો આંક લગભગ ૬૩ લાખ વરસે છે અને હિન્દુસ્તાનમાં તમાકુની વપરાશ વધુ થતી હોવાથી મૃત્યુનો વધારે આંક આપણે ત્યાં છે. પીઠનો દુખાવો પણ ભારતીયોની હાલત વધારે ખરાબ કરે છે.

# પ્રકરણ : ૧૩

# બારમું સ્થાનક : પોતે લીધેલ વ્રત-પચ્ચક્ખાણ નિર્મળપણે પાળવાથી તીર્થંકર નામગોત્ર કર્મ ઉપાર્જન થાય

■ શ્રી નલિનભાઈ સંઘવી, પ્રમુખશ્રી, જેજેસી-વાપી

વ્રત એટલે વૃત્તિઓ પર નિયંત્રણ કરી પાંચ ઈંદ્રિયો તથા છઠ્ઠા મન પર અંકુશ કરી વિરતિમાં આવવું. આશ્રવનાં દ્વાર બંધ કરીને સંવરભાવમાં સ્થિર થવું. અશુભ ક્રિયા છોડી શુભ ક્રિયામાં પ્રવૃત્ત થવું તેને વ્રત કહે છે.

સાધુજી – સાધ્વીજીઓનાં વ્રતને મહાવ્રત કહેવામાં આવે છે, કારણકે તેના પચ્ચક્ખાણ નવ કોટિએ આજીવન તથા આગારરહિત હોય છે. પાંચ મહાવ્રત તથા આજીવન રાત્રિભોજનનો ત્યાગ સાધુ-સાધ્વીજીઓ માટે ફરજિયાત છે. જ્યારે શ્રાવકોનાં બાર વ્રત છે. તેમાં પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત તથા ચાર શિક્ષાવ્રત છે. શ્રાવકનાં વ્રત મનુષ્ય અને તિર્યંચ ગતિના જીવો ગ્રહણ કરી શકે છે. શ્રાવક બાર વ્રતમાંથી પોતાની શક્તિ પ્રમાણે જેટલાં વ્રત ધારવાં હોય તેટલાં ધારી શકે છે.

સાધુનાં વ્રતને 'હીરા' સમાન કહ્યાં છે, કારણકે હીરો આપણે આખો જ ખરીદવો પડે છે, જ્યારે શ્રાવકોનાં વ્રતને 'સોના' સમાન કહ્યાં છે, શ્રાવક તે યથાશક્તિ ગ્રહણ કરે છે. સમ્યક્ પ્રકારે વ્રતના નિરતિચાર પાલનથી અનંતા કર્મો બળી શકે છે અને જીવ એકાવતારી પણ બની શકે છે. આરાધક આત્મા વ્રતનું મહત્ત્વ સમજે છે, તેથી ગુરુ સમક્ષ વિનયપૂર્વક ઉપસ્થિત થઈ વ્રતનું સ્વરૂપ, તેની વિધિ, દોષમુક્ત વ્રતપાલન કઈ રીતે થઈ શકે તે સર્વ બાબતોની સમજણ મેળવી ગુરુના શ્રીમુખેથી વ્રતનો સ્વીકાર કરે છે. જ્યાં સુધી વ્રતના રૂપમાં ગ્રહણ કરવામાં ન આવે ત્યાં સુધી તે વ્રતરૂપ બનતા નથી.

આશ્રવનું બીજું દ્વાર 'અવ્રત' છે. નવાં કર્મબંધ ન થાય અને જૂનાં બાંધેલ કર્મનો ક્ષય થાય તે માટે વ્રત ધારણ કરવું જરૂરી છે. જ્યાં સુધી પાંચ આશ્રવ દ્વાર (મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, અશુભયોગ અને કષાય) બંધ નહીં કરવામાં આવે ત્યાં સુધી જીવનું ભવભ્રમણ ચાર ગતિમાં ચાલુ જ રહેશે. જ્યારે જીવ મિથ્યાત્વ, અવ્રતને દૂર કરીને વ્રત અંગીકાર કરે ત્યારે જ જન્મ-મરણનાં બંધનમાંથી મુક્તિ મળે...

વ્રત ત્રણ ક્રિયાથી નિષ્પન્ન થાય છે : (૧) પ્રતિક્રમણ (૨) સંવર (૩) પ્રત્યાખ્યાન.

પ્રતિક્રમણમાં આપણે બોલીએ છીએ કે 'ગયા કાળનું પ્રતિક્રમણ, વર્તમાનકાળના સંવર તથા આવતા કાળના કર્યા પ્રત્યાખ્યાન' આ રીતે આપણે પાંચ આશ્રવથી વિરમણ કરીએ છીએ.

તીર્થંકરનો આત્મા, સ્વયં સંબુદ્ધ આત્મા પણ વ્રત પ્રત્યાખ્યાનની પ્રતિજ્ઞા કરે છે. જિન શાસન વ્રતરૂપ છે. તીર્થના સ્થાપક તીર્થંકર છે. તેથી ત્રણે કાળમાં જે તીર્થંકરો થયા, થાય છે અને થશે તે ભગવંતો વ્રતનો સ્વીકાર કરી, વ્રતનું સમ્યક્ પાલન કરે છે. સર્વજ્ઞ થયા પછી વ્રત-પ્રત્યાખ્યાનનું વિધાન કરે છે.

આવશ્યક સૂત્રનું છઠ્ઠું આવશ્યક એટલે પચ્ચક્ખાણ. દ્રવ, ક્ષેત્ર, કાળ અને ભાવથી ભવિષ્યકાળ માટે (આજીવન અથવા થોડા સમય માટે) ભોગ (એક જ વખત ભોગવાય) તથા ઉપભોગ (વારંવાર ભોગવાય)ની વસ્તુનો ત્યાગ કરવો અથવા તેની મર્યાદા કરવી તેને પચ્ચક્ખાણ કહે છે...

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં સમ્યક્ પરાક્રમના ૭૩ બોલના અધ્યયનમાં પ્રભુએ પ્રત્યાખ્યાન કરવાથી જીવને શું લાભ થાય છે? તેના જવાબમાં જણાવેલ છે કે પ્રત્યાખ્યાન કરવાથી જીવ આશ્રવ દ્વારોનો નિરોધ કરે છે. પ્રત્યાખ્યાનથી ઈચ્છાનો નિરોધ થાય છે. ઈચ્છાનિરોધ કરનાર જીવ સર્વ પદાર્થોમાં તૃષ્ણારહિત અને શીતલભૂત થઈ વિચરે છે.

પાપના ત્યાગરૂપ વ્રત છે અને વિષયના ત્યાગરૂપ પ્રત્યાખ્યાન છે. સમ્યક્ દૃષ્ટિ આત્મા વ્રતોને જોઈ ઉલ્લસિત બને છે. વ્રતોમાં અમુક કારણોથી અશુદ્ધિ જન્મે છે, જેનાથી વ્રત દૂષિત બને છે. દેહ આસક્તિ, વિષયપ્રીતિ, અજ્ઞાનતા, મમતા, અહંકાર, મદ, ભય વગેરેથી પણ વ્રત દૂષિત બને છે.

વ્રતો દૂષિત ન થાય તે માટે સાધકઆત્મા સદાય જાગૃત અને ઉદ્યમશીલ રહે છે. જે વ્રતો મને મળ્યાં છે તે મહામૂલ્યવાન છે અને મને મોક્ષ અપાવનાર છે. હર્ષપૂર્વક તથા પોતાની શક્તિ ગોપાવ્યા વિના વ્રતો-પ્રત્યાખ્યાનનું પાલન કરવું. આવો સુંદર મનુષ્યભવ, દેવ-ગુરુ-ધર્મની પ્રાપ્તિ, ઈંદ્રિયોની પરિપૂર્ણતા, ઉત્તમ કુળ વગેરે પ્રાપ્ત થયાં છે, તો અવસરને વધાવીને ક્ષણને સાર્થક કરવાની છે. વ્રતો-પ્રત્યાખ્યાનનું નિર્મળપણે પાલન કરવાનું છે. આ રીતે પોતે લીધેલ વ્રત-પચ્ચક્ખાણ નિર્મળપણે ઉત્કૃષ્ટ ભાવે પાળવાથી, જીવ તીર્થંકર નામગોત્ર કર્મ ઉપાર્જન કરે છે.

# ગોવંશ કતલ નિષેધ-સિક્કાની બીજી બાજુ

■ હરીશ શાંતિલાલ મહેતા

મહારાષ્ટ્ર સહિત દેશનાં નવ રાજ્યોમાં ગોવંશ કતલ નિષેધ ધારો અમલમાં છે, પણ પરિણામો દર્શાવે છે કે માંસ નિર્યાત કરનારા તથા અનધિકૃત ખાટકીઓ તથા કસાઈવાડાઓ આ મનાઈને ઘોળીને પી ગયા છે. તાજેતરમાં જ મહારાષ્ટ્રમાં ગોવંશની કતલનો મનાઈ આપતો ધારો અમલમાં આવ્યો, પણ અમુક સ્થાપિત હિતો તથા માંસાહારી પ્રજા એનો સ્વીકાર કરવા તત્પર નથી, બલકે રાજ્યના અમુક ખૂણે તેનો છૂટાછવાયો વિરોધ થઈ રહ્યો છે. આ કાયદો અમલમાં આવતા જીવદયાપ્રેમી જૈન સમાજમાં ખુશીની લહેર વ્યાપી ગઈ. ઘણાં સંઘો અને જીવદયા ટ્રસ્ટો-સંસ્થાઓએ આને અહિંસક લડતનો વિજય ગણીને ઉત્સવ મનાવ્યો, પણ સબૂર... માત્ર આ કાનૂન આવી જતાં ગોવંશ હત્યા બંધ થઈ જશે? જો તમે આ માનતા હો તો ભારે મોટી ભૂલ છે.

દેખીતી રીતે જ ગોવંશની કતલ કરીને ગોમાંસ વેચતા અને સમગ્ર વિશ્વમાં નિકાસ કરતી પેઢીઓને ધંધામાં ભારે મોટો ધક્કો લાગશે. અનધિકૃત ચાલતાં ઘણાં કતલખાનાં બંધ કરવાં પડશે અને તેમાં કામ કરતા કર્મચારીઓ-ખાટકીઓ બેકાર બનશે!

મહારાષ્ટ્ર સરકારે જૈન સમાજને આ બેકાર કર્મચારીઓને થાળે પાડવાનું સૂચવ્યું છે. ઘણાં ઉત્સાહી સંઘ-સંસ્થાઓ આ ખાટકીઓને મદદરૂપ થવા માટે સક્રિય થઈ રહ્યાં છે!! શું આ જવાબદારી માત્ર ને માત્ર જૈન સમાજની છે? જૈન સમાજ સમૃદ્ધ છે તેથી રાજ્ય સરકાર આવી જવાબદારી જૈન સમાજને માથે ઠોકી બેસાડીને હાથ ખંખેરી લેવા માગે છે.

માનો કે ન માનો, પણ કાયદો ગમે તેટલો કડક હોય, પણ તેના અમલીકરણના યજ્ઞમાં ઘણાં હાડકાં નાખવામાં આવશે. બેશક, આ કાયદાનું અમલીકરણ સરળ તો નહીં જ હોય. જીવદયાપ્રેમીઓએ તથા સંસ્થાઓએ વધુ સક્રિય બનીને કાનૂનનું કડક અમલીકરણ થાય તે માટે આયોજન કરવું જ પડશે. ગોહત્યા બંધ કરાવવાથી અમુક લૉબીઓ, કોમો નાખુશ થાય છે અને તેને સાચવવા સરકાર કેટલી તત્પર છે તેનો દાખલો ૫૭ વર્ષ પૂર્વે કેન્દ્રમાં કૉંગ્રેસની સરકાર અને વડા પ્રધાન જવાહરલાલ નહેરુ હતા ત્યારનો ઓછો જાણીતો કિસ્સો જાણી લઈએ.

કૉંગ્રેસના સાંસદ ગોવિંદદાસ શેઠે સંસદમાં એક ખાનગી ખરડો ગોહત્યા પર પ્રતિબંધ મૂકવા માટે રજૂ કર્યો. પક્ષનો બહુમતી વર્ગ આ ખરડાના સમર્થનમાં હતો અને સંસદમાં ખરડો પસાર થઈ શકે તેમ હતો. વડા પ્રધાન નહેરુએ આનો ભારે વિરોધ કર્યો અને આવી બેવકૂફીભરી માગણી સ્વીકારવા કરતાં રાજીનામું આપવાનું પસંદ કર્યું. ૨૦ એપ્રિલ, ૧૯૫૮ના રોજ કૉંગ્રેસની સંસદીય પક્ષની મિટિંગમાં તેમણે રાજીનામું આપવાની જાહેરાત કરી, પણ લાલબહાદુર શાસ્ત્રીએ વિશેષ બેઠક બોલાવીને નહેરુને મનાવી લેવા માટે સાંસદ ગોવિંદદાસનો પ્રસ્તાવ પાછો ખેંચાવડાવ્યો અને જવાહરલાલને રાજી કર્યા! આ મામલામાં અમેરિકાના પ્રમુખ આઈઝનહોવરે પણ પત્ર લખીને નહેરુને મનાવ્યા અને રશિયાના વડા પ્રધાન નિકિતા ખ્રુશ્ચેવે પણ નહેરુ માની ગયા તેનો આનંદ વ્યક્ત કર્યો. ગોહત્યા પ્રતિબંધના વિરોધમાં વિશ્વની બળવાન બે સત્તાના વડાઓ પણ કેટલો રસ લેતા તેનું નાનું ઉદાહરણ.

ગૌહત્યા બંધ થવાનો કાયદો મંજૂર થતાં જ મહારાષ્ટ્રમાં ગોમાંસ નિકાસ કરનારા તથા સ્થાનિક કસાઈઓ સંકટમાં આવી ગયા છે. દેવનાર કતલખાનાના કસાઈઓ આ પ્રતિબંધના વિરોધમાં હડતાળ પર ઊતરી ગયા. મુંબઈ અને ઉપનગરના ગોમાંસ વિક્રેતા ઍસોસિયેશનના ઉચ્ચ પદાધિકરીએ પત્રકારોને જણાવ્યું કે આવા પ્રતિબંધો 'ગેરકાયદેસર' છે.

માંસના વેપારીઓ, પશુપાલકો, કસાઈઓ તથા પશુઓનું અને માંસનું વહન કરતાં ટ્રાન્સપોર્ટ ઑપરેટરોના વિશાળ મોરચા ૧૦મી માર્ચે તથા ૨૪મી માર્ચે મુંબઈમાં નીકળ્યા અને રાજ્ય સરકાર પર દબાણ લાવીને આ કાયદો રદ કરવાનો આગ્રહ કરવા માંડ્યા છે. અમુક સ્થાપિત હિતોએ કાનૂની લડત આરંભી દીધી છે. ગોવંશની કતલ પર પ્રતિબંધ મુકાતાં અભક્ષ્ય પદાર્થોના ભાવમાં ઉછાળો આવ્યો છે. ગોમાંસ તો ગરીબો માટેનું પ્રોટીન છે

એવી દલીલ સાથે તૃણમૂલ કૉંગ્રેસના સાંસદ ડેરેક ઓબ્રાયન મેદાને પડ્યા છે. બૉલીવૂડના આયુષ્યમાન ખૂરાના, ફરહાન અખ્તર, આરતી છાબરિયા, શ્રુતિ શેઠ, વીરદાસ, રિયા ચઠ્ઠા, સિદ્ધાર્થ માલ્યા, શિરીષ કુંદરે ગોમાંસબંધી માટે પોતાની નારાજગી વ્યક્ત કરી છે. સૌથી મોટી દલીલ ઋષિ કપૂરે કરી છે. તે ગોમાંસ ખાય છે, તે તેને ભાવે છે અને તે ખાવાને ઋષિ પોતાનો મૂળભૂત અધિકાર માને છે.

સુજ્ઞ વાચકો, જીવદયાપ્રેમીઓ અમે સ્પષ્ટ કરી દેવા માગીએ છીએ કે માત્ર કાયદો લાવવાથી ફતેહ નથી. આ કાયદાનું અમલીકરણ કરાવવું એ મહત્ત્વનું છે. પોલીસદળ અને સરકારી કર્મચારીઓમાં એક એવો વર્ગ છે કે જે ગોમાંસ ખાય છે અને તેવા અધિકારીઓ આ પ્રતિબંધને નિષ્ફળ બનાવવા સદા પ્રયત્નશીલ રહેશે. ગોમાંસનો વેપાર કરનારાઓને તેમનો સાથ મળશે. વિદેશી દેશો જે ભારતીય ગોમાંસ પર નભી રહ્યા છે તેમનું પણ સરકાર પર દબાણ રહેશે. આવા સંજોગોમાં વિજયોત્સવ ઊજવવા કરતાં યોગ્ય આયોજનો કરીને આ પ્રતિબંધનું અમલીકરણ સફળતાપૂર્વક થાય તે માટે પ્રયત્નશીલ બનીએ.

અંતમાં, ગાય આપણને દૂધ આપે છે, ખાતર આપે છે, તેનાં બચ્ચાં ખેતીમાં કામ લાગે છે. ગાયને આપણે માતાનો દરજ્જો આપ્યો છે. હવે તેની સુરક્ષા કરવી દરેક જીવદયાપ્રેમી અને અહિંસાપ્રેમીની માત્ર ફરજ નહીં, ધર્મ છે. આ માત્ર જૈન સમાજ એકલાની જવાબદારી નથી, બલકે સરકાર અને અહિંસાપ્રેમી જનતાએ સામુદાયીક પ્રયત્નો કરવા પડશે.

---

# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ

## ઉચ્ચ અભ્યાસાર્થે આર્થિક સહાય યોજના-૨૦૧૫

જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચૅરિબલ ટ્રસ્ટ દ્વારા ભારત તથા પરદેશમાં ઉચ્ચ અભ્યાસ ઈચ્છુક જરૂરિયાતવાળા જૈન કુટુંબના હોંશિયાર દીકરા-દીકરીઓને કૉલેજ ફી રાહત માટે આર્થિક સહાય યોજના ૨૦૦૫થી શરૂ થયેલ છે અને વર્ષોવર્ષ પ્રગતી કરી આગળ વધતી રહી છે.

માર્ચ-૨૦૧૫થી શરૂ થયેલ છે વર્ષમાં ટોટોલ ૮૬૫ દીકરા-દીકરીઓને રૂા. ૬.૯૫ કરોડની આર્થિક સહાય આપવામાં આવી છે જેમાં ૧૮૪ દીકરા-દીકરીને પરદેશમાં અભ્યાસ માટે રૂા. ૩.૫૯ કરોડની (સરેરાશ વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂા. ૧,૯૫,૦૦૦) અને ૬૮૦ દીકરા-દીકરીઓ ભારતમાં અભ્યાસ માટે રૂા. ૩.૪૦ કરોડની (સરેરાશ વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂા. ૫૦,૧૫૦) સહાય આપવામાં આવી છે.

અત્યાર સુધીમાં પુરા થયેલ ૧૦ વર્ષમાં ટોટલ ૫૯૯૦ દીકરા-દીકરીઓને રૂા. ૧૨.૫૮ કરોડ અને ભારત માટે પર૬૯ દીકરા-દીકરીઓ રૂા. ૨૨.૮૬ કરોડ આપ્યા છે.

નવા વર્ષ ૨૦૧૫માં સહાય માટેના જરૂરી અરજીપત્ર-૨૦૧૫ એપ્રિલથી ઓનલાઈન ઉપલબ્ધ થશે અને સંપૂર્ણ વિગત સાથેની અરજી મીડ-મે ૨૦૧૪થી ઓનલાઈન કરી શકાશે. educationjainjagruti.com યોગ્ય અરજીઓની સહાય રકમ મંજુરી માટેના ટ્રસ્ટી દ્વારા લેવાતા. ઈન્ર્વ્યુ મીડ-જુન પછી મુંબઈની ટ્રસ્ટની વિલે પાર્લેની ઑફિસમાં શરૂ થશે. ગુજરાત-રાજસ્થાનના અરજીકર્તા ભાઈ-બહેનોના ઈન્ટરવ્યૂ ઑગસ્ટ તથા ઑક્ટોબર મહિનામાં અમદાવાદ મુકામે લેવામાં આવશે.

મળેલ અરજીઓની વિગતો, વિદ્યાર્થીના ઈન્ટરવ્યૂ અને ટ્રસ્ટના નિયમોના આધારે ભારતમાં ઉચ્ચ અભ્યાસ માટેના અરજકર્તાને મહત્તમ વાર્ષિક રૂા. બે લાખ સુધી તથા પરદેશમાં અભ્યાસ માટેના અરજકર્તાને મહત્તમ વાર્ષિક રૂા. અઢી લાખ સુધીની રકમ મંજુર થઈ શકશે. મોટી રકમની કૉલેજ કોર્સ ફી વાળા જે વિદ્યાર્થીઓ દ્વારા બેંકની અભ્યાસ માટે લોન મેળવી હોય અને તે મો બેંકમાં જે વ્યાજ ભરવાનું થતુ હોય તેવા અરજદારને ટ્રસ્ટ દ્વારા નક્કી થયેલ નિયમો આધીન કોર્સ દરમિયાન ભરેલ બેંક વ્યાજ માટે આર્થિક સહાય મંજુર થઈ શકશે.

**સંપર્ક : સચિન પવાર**

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬

# કંઠસ્થ કરવું તે જ્ઞાન, હૃદયસ્થ કરવું તે શ્રદ્ધા અને આત્મસ્થ કરવું તે ચારિત્ર્ય

■ ડૉ. કિરણ શાહ - ભૂતપૂર્વ ચૅરમૅન

આપણે ઘણી વાર એકાદ માણસના સંબંધમાં એમ બોલતાં સાંભળીએ છીએ કે 'આ માણસ જે કાર્ય હાથ ધરે છે, તે સિદ્ધ કરે છે, આ માણસ જે જે વસ્તુને સ્પર્શ કરે છે તે સુવર્ણ બની જાય છે. આવો માણસ પોતાના ચારિત્ર્યબળથી અને પોતાની સર્વ શક્તિથી અત્યંત પ્રતિકૂળ સંજોગોમાં પણ જ્ઞાન અને શ્રદ્ધાને કારણે સફળતા મેળવે છે. માનવજીવનનું મંડાણ જ્ઞાન, શ્રદ્ધા અને ચારિત્ર્ય પર નિર્ભર છે. એમ કહેવાય છે કે આ વિશ્વ યુનિવર્સિટી છે, જીવન પરીક્ષા છે અને જ્ઞાન, શ્રદ્ધા અને ચારિત્ર્ય ડિગ્રી છે.' આ લેખમાં આપણે આ ત્રણે વિશે સવિસ્તર ચર્ચા કરીશું.

જ્ઞાન : જેનો ઉપયોગ થવા છતાં જરાય ઘસારો ન પહોંચે એવી એકમાત્ર બાબત હોય તો તે છે જ્ઞાન, કારણકે ફર્સ્ટહૅન્ડ જ્ઞાન વાપરવાથી તે કદીય સેકન્ડહૅન્ડ થતું નથી. જ્ઞાન એ એક એવી ટોપી છે જે આપણી ટાલને ઢાંકી રાખે છે. જ્ઞાન મહાન માણસને નમ્ર બનાવે છે, સામાન્ય માણસને નવાઈ પમાડે છે અને લઘુ માણસને ગર્વિષ્ઠ કરે છે. જે માણસનું મસ્તક જ્ઞાન અને શાણપણથી ભરેલું હોય તેના મગજમાં અહંકાર માટે જરા પણ જગ્યા રહેતી નથી. શાણપણ વિનાનું જ્ઞાન બ્રેક વગરની ગાડી જેવું છે. તમે બધું જાણી લેવાને તબક્કે પહોંચી ગયા બાદ જે શીખો તે જ જ્ઞાનની ખરી કિંમત છે, પણ એટલું જાણી લેજો કે જેટલું તમે વધારે જાણો એટલા પ્રમાણમાં તમારે વધારે જાણવું જરૂરી છે. જ્ઞાન ત્યારે જ શાણપણ બને છે જ્યારે તેનો વ્યાવહારિક ઉપયોગ કરવામાં આવે છે. ભલે જ્ઞાન થોડું હોય, પણ તેનો વ્યાવહારિક સદ્ઉપયોગ થવો જોઈએ. (Please note there is a difference between knowledge and wisdom).

કેવું વિચિત્ર છે કે 'હું કેટલું બધું જાણું છું' એ જાણવા માટે પણ તમારે કેટલું બધું જાણવું જોઈએ. જ્યારે માણસનું જ્ઞાન વ્યવસ્થિત નથી હોતું ત્યારે જેટલું તેની પાસે જ્ઞાન વધુ તેટલો એના મનમાં ગૂંચવાડો વધારે... અને અંતમાં તો બધું જ જ્ઞાન મેળવી લીધા બાદ તમે શું શીખ્યા એ જ મહત્ત્વનું છે.

શ્રદ્ધા : તમારી બુદ્ધિ ગમે તેટલી વિશાળ હોય, તમારું શિક્ષણ ગમે તેટલું ઉત્તમ હોય, તોપણ તમારી શ્રદ્ધાના પ્રમાણમાં જ તમે કાર્ય કરી શકશો. જે માણસ કાર્ય કરવાની શ્રદ્ધા ધરાવે છે, તે જ કાર્ય સિદ્ધ કરી શકે છે. તમે તમારી જાત વિશે શ્રદ્ધા રાખો. જ્યારે તમે આત્મશ્રદ્ધા ગુમાવી દો છો ત્યારે તમે તમારી જાતનો ત્યાગ કરો છો. જે માણસોએ આ જગતમાં મહાન કાર્યો કર્યા છે, તેઓ પોતાની જાત પર શ્રદ્ધા રાખતા હતા. જો આપણે મહાન કાર્યો અને તેમના કર્તાઓનું નિરીક્ષણ કરીએ તો તેમનો વિશેષ ગુણ ધ્યેય પ્રત્યેની શ્રદ્ધા જ હશે. શ્રદ્ધા શક્તિનું દ્વાર ઉઘાડે છે અને ઉત્તમતાનો વિકાસ કરે છે. તમારી શ્રદ્ધાના પ્રમાણમાં જ તમને સફળતા પ્રાપ્ત થાય છે. શ્રદ્ધા એ વીજળી સરખી છે. તમને તે દેખાતી નથી, પણ તેનો પ્રકાશ પડે છે. ભાગ્યના ભોગ બનવાને બદલે આપણે શ્રદ્ધાથી ભાગ્યને બદલી શકીએ છીએ. બીજાઓ જે વસ્તુ જોઈ નથી શકતા તે વસ્તુ શ્રદ્ધાવાળા મનુષ્યને દેખાય છે. શ્રદ્ધા એ શંકા અને પાપથી અંધ બનેલા માણસને માર્ગ દર્શાવનાર દેવદૂત છે. જે મનુષ્ય આત્મશ્રદ્ધાવાળો, નિશ્ચયી અને આશાવાદી છે અને પોતાનું કાર્ય સફળતાની ખાતરી સહિત હાથ ધરે છે તે બહુ જ આકર્ષક શક્તિ અને વ્યક્તિત્વ ધરાવે છે. સદ્ભાગી એ છે કે જેની ગઈકાલ ખુશખુશાલ હોય અને આવતી કાલ શ્રદ્ધાભરી... અને અંતમાં ગીતા, ઉપનિષદ, કુરાન, બાઈબલ કે જૈનોના આગમ વગેરે સર્વશ્રેષ્ઠ ગ્રંથોમાં શ્રદ્ધાની મહત્તા પર જેટલો ભાર મૂકવામાં આવ્યો છે, તેટલો ભાર બીજી કોઈ વસ્તુ પર મૂકવામાં આવ્યો નથી.

ચારિત્ર્ય : આ દુનિયામાં વિદ્વાનોનો આદર થાય છે, શ્રીમંતોની અદેખાઈ થાય છે, સત્તાધારીઓનો ડર લાગે છે, પણ વિશ્વાસ કરાય છે માત્ર ચારિત્ર્યવાનનો. હિન્દુસ્તાનના લોકો દેખાડો કરવા માટે સત્તાધારીઓને ગમે તેટલું માન

આપે, પણ એમનું દિલ ચારિત્ર્યવાન સંતપુરુષોને જ ઝંખે છે. ગઈકાલ કરતાં આજે ચાર હાર સત્તાધારીઓને વધુ ચડાવાતા હોય પણ એમનું માથું તો ફક્ત ચારિત્ર્યવાનનાં ચરણોમાં જ ઝૂકે છે. ભારતમાં લોકોનો ખરો આદર મેળવવા માટે ચારિત્ર્યવાળું પવિત્ર જીવન જીવવું પડે છે, જે રાજસત્તાથી નથી થઈ શકતું (જેમ કે મહાત્મા ગાંધીનું જીવન).

માણસનો ગુરુ એટલે માણસનો વિવિક અને માણસનું ચારિત્ર્ય. પ્રતિષ્ઠા માણસને મોટો બનાવે છે, પણ ચરિત્ર્ય માણસને મહાન બનાવે છે. ચારિત્ર્ય એવી બાબત છે કે જે ખરીદી શકાતી નથી, એનો સોદો થઈ શકતો નથી, ભાડે મેળવી શકાતું નથી, આયાત કરી શકાતું નથી, ફેવિકૉલની જેમ ચોંટાડી શકાતું નથી, એ તો ઘરમાં જ ઊગે છે. આપણે શું કહીએ છીએ અને શું કરીએ છીએ તે પરથી આપણે કેવા ચારિત્ર્યવાન છીએ તેની જાહેરાત થાય છે. તમે ક્યારે મક્કમ રહો છો, ક્યારે ઝૂકી પડો છે અને ક્યારે જૂઠું બોલો છો એ પરથી લોકો તમારા ચારિત્ર્યનો અંદાજ બાંધે છે. બુદ્ધિ અને રૂપ એ ઈશ્વરની દેણ છે, પરંતુ ચારિત્ર્ય તો તમારું જ સર્જન છે... અને અંતમાં આપત્તિમાં તો લગભગ બધા જ માણસો ટક્કર ઝીલી શકે છે, પણ તમારે માણસના ચારિત્ર્યની કસોટી કરવી હોય તો તેને સત્તા સોંપી જોજો અને માણસના ચારિત્ર્યનું માપ ત્યારે જ નીકળે છે જ્યારે આપણે Compare કરીએ છીએ કે એણે પોતાના પુરોગામી પાસેથી શું મેળવ્યું તે નહીં પણ પોતાના અનુગામી માટે શું મૂકતો જાય છે તે પરથી.

આ લેખમાં મેં જે થોડુંઘણું કહ્યું એ ઝાઝું માની, વાંચીને, દરગુજર કરવા વિનંતી.

# હાઈ બ્લડપ્રેસર

■ ડૉ. ચન્દ્રકાન્ત પાઠક

લોહીનું ઊંચું દબાણ-હાઈ બ્લડપ્રેસરની હાજરીની ઘણાને વર્ષો સુધી ખબર પડતી નથી. તે એક છૂપો શત્રુ લેખી શકાય. હાઈ બ્લડપ્રેસરને કારણે હાર્ટએટેક, પેરેલિસિસ, કિડનીના રોગો વ્યક્તિને હેરાન-પરેશાન કરી મૂકે છે. આધુનિક સારવારથી હાઈ બ્લડપ્રેસર નિયંત્રણમાં લઈ શકાય છે.

રક્તવાહિની (ધમની)માં સતત લોહી ફરતું હોય છે. હૃદયના ડાબા ખાનામાંથી ધકેલાયેલું આ લોહી આખા શરીરમાં પરિભ્રમણ કરે છે. લોહીને તેના અંતિમ લક્ષ્ય સુધી લઈ જવા માટે અમુક પ્રેસર-દબાણની જરૂર પડે છે. ધમનીમાં પસાર થતા લોહીના દબાણને આપણે બ્લડપ્રેસર કહીએ છીએ. જે બ્લડપ્રેસર હૃદયનું સંકોચન દર્શાવતું હોય તેને સિસ્ટોલિક બ્લડપ્રેસર-ઉપરનું બ્લડપ્રેસર કહીએ છીએ.

જ્યારે ફેફસાં અને શરીરમાંથી લોહી પાછું ફરતું હોય ત્યારે હૃદય પહોળું થાય છે. આ ક્રિયાને વિસ્તરણ-ડાયસ્ટૉલ કહેવાય છે. રક્તવાહિની-ધમનીમાંથી તે સમયે પસાર થતા લોહીના દબાણને ડાયસ્ટૉલિક બ્લડપ્રેસર-નીચું બ્લડપ્રેસર કહીએ છીએ. તંદુરસ્ત પરિસ્થિતિમાં ૧૪૦/૯૦ બ્લડપ્રેસર હોવું જોઈએ. આ પ્રેસર પારાની ઊંચાઈ મુજબ મપાતું હોવાથી તેની પાછળ એમ.એમ.ઑફ મરક્યુરી શબ્દ લખાય છે.

હાઈ બ્લડપ્રેસર કોને કોને થાય ?

(૧) વધારે મીઠું ખાનારને (૨) બેઠાડું જીવન ગાળતા લોકોને (૩) વધુ જાડા લોકોને (૪) ધૂમ્રપાન, તમાકુનું સેવન કરનારાઓને (૫) ડાયાબિટીસવાળાને (૬) ગર્ભનિરોધક દવા લેતી સ્ત્રીઓ, ડાયેટપિલ્સ, આર્થારાઈટીસની દવાઓની આડઅસર (૭) માનસિક તણાવ ધરાવનારને હાઈ બ્લડપ્રેસર થાય છે. વધારે વજન હોય તે વજન ઉતારે તો હાઈ બ્લડપ્રેસર ઘટી જાય છે.

હાઈ બ્લડપ્રેસર વારસાગત રોગ છે, કૉલેસ્ટેરોલ વધુ હોય, રક્તવાહિનીઓ સાંકડી બનતાં લોહીને આગળ વધવામાં અવરોધરૂપ થતા હાઈ બ્લડપ્રેસર થાય છે. વધુપડતો કૅલેરીવાળો ખોરાક લેવાથી-વધારાની કૅલેરી વપરાય નહિ તો આવક અને જાવકના હિસાબમાં વધારાની કૅલેરીનું ચરબીમાં રૂપાંતર થાય છે. ચરબી લોહીમાં ફરતાં ફરતાં રક્તવાહિનીઓ-ધમનીઓની દીવાલોને ચોંટે છે અને એથેરોસ્કલેરોસિસની ક્રિયા આગળ વધે છે. રક્તવાહિની સાંકડી થતાં બ્લડપ્રેસર ઊંચું જાય છે.

હાઈ બ્લડપ્રેસરથી માથું ભારે થવું, માથું દુઃખવું, ચક્કર આવવા, નસકોરી ફૂટવી, શ્વાસ ભરાઈ આવવો વગેરે ચિહ્નો દેખાય છે. મોટે ભાગે ચિહ્નો દેખાતાં નથી.

## હાનિકારક અસરો

હાઈ બ્લડપ્રેસરની સારવાર કરવામાં ન આવે તો રક્તવાહિનીઓને સતત નુકસાન થતું રહે છે. તે

સ્થિતિસ્થાપકતા ગુમાવે છે. બરડ બની જાય છે. જાડી થઈ જાય છે. રક્તવાહિનીઓ જે અંગોને ઑક્સિજન અને પોષણ પહોંચાડતી હોય તે અવયવોને નુકસાન થાય છે.

૧) હૃદય : લોહીને વધુ દબાણથી ધકેલવા હૃદયને વધુ મહેનત પડે છે. લાંબે ગાળે હૃદય નબળું પડે છે અને પહોળું થાય છે. નબળું પડેલું હૃદય લોહીને પૂરતા પ્રમાણમાં પમ્પ કરી ન શકે, ત્યારે શરીરે સોજા ચડે છે, શ્વાસ ચડે, ફેફસાંમાં પાણી ભરાય ઈત્યાદિ તકલીફ થાય છે. હાઈ બ્લડપ્રેસરના દર્દીને હૃદયરોગનો હુમલો આવવાની શક્યતા વધી જાય છે.

૨) બ્લડપ્રેસરના વધારાથી દર્દીની કિડની પર પણ અસર થાય છે. તેના પેશાબમાં લોહી અને આલ્બ્યુમિન દેખાવા લાગે છે. કિડનીની કાર્યક્ષમતા ઘટે છે. ધીમે ધીમે કિડનીની કાર્યક્ષમતા તદ્દન નહિવત્ થઈ જાય છે અને કિડની કામ કરતી અટકી જાય છે (કિડની ફેઈલ્યોર). કિડની કામ કરતી બંધ થતા, કિડનીની તકલીફથી મૃત્યુ પણ નીપજી શકે છે.

૩) સતત ઊંચા લોહીના દબાણને કારણે આંખના પડદાને નુકસાન થાય છે અને અંદર લોહી નીકળી આવે છે. આંખના પડદાની આગળ-પાછળ લોહી નીકળવાથી ઓચિંતી નજર ઘટી જાય છે કે સાવ અંધ થઈ જવાય છે. હાઈ બ્લડપ્રેસરના દર્દીએ આંખના ડૉક્ટર પાસે વર્ષમાં એકવાર આંખના પડદાની તપાસ કરાવવી, જેથી નુકસાન થતું અટકે.

૪) હાઈ બ્લડપ્રેસર વધવાને કારણે ધમનીની દીવાલોમાં ચરબી તથા બીજા પદાર્થો ચોંટતાં જવાથી લોહીના પ્રવાહનો માર્ગ સાંકડો બનતો જાય છે. આને એથેરોસ્ક્લેરોસિસ કહે છે. તેનાથી લોહીના પ્રવાહમાં અવરોધ ઊભો થાય છે. અવરોધથી હાઈ બ્લડપ્રેસર ઊંચે જાય છે. પ્રેસરનો રોગ વધુ વ્યાપક થતો જાય, પરિણામે હૃદય, કિડની તેમ જ મગજને પૂરતું લોહી પહોંચતું નથી.

૫) હાઈ બ્લડપ્રેસરથી મગજને પણ નુકસાન પહોંચે છે. તેને કારણે મગજને લોહી પહોંચાડતી ધમનીઓ સાંકડી થાય છે. તેમાં લોહીનો ગઠ્ઠો જામી જવાની અને લકવાની શક્યતા વધુ રહે છે. ક્યારેક હાઈ બ્લડપ્રેસરથી મગજની નસોમાં લોહી બહાર નીકળે છે. બ્રેઈન હેમરેજના આવા કિસ્સામાં દર્દી ઓચિંતો બેભાન થઈ જાય છે, તેને લકવો થાય છે અને મોટા ભાગના કિસ્સાઓમાં મૃત્યુ પામે છે.

મગજની રક્તવાહિની સાંકડી અને બરડ થાય અને જો તેમાં તિરાડ પડી, લોહી બહાર વહેવા માંડે, લોહી ગંઠાઈ જાય તો બ્રેઈન હેમરેજ થઈ શકે. લોહીના ભ્રમણમાં અવરોધ થાય તો સેરિબ્રલ થંબોસિસ થાય. આવું બને તો પેરેલિસિસ-લકવા થવાનો સંભવ રહે છે.

## સારવાર-અગમચેતી-સૂચનાઓ

વજન ઘટાડવું, મીઠાનો ઉપયોગ ઓછો કરવો, ધૂમ્રપાન છોડવું, ચાલવાનું રાખો, કસરત કરો, ખુલ્લી હવામાં દોડો, જોગિંગ કરો, આનંદી રહો, માનસિક તાણ ઓછી કરો, ધ્યાન-યોગાસન-પ્રાણાયામ કરો. રચનાત્મક વિચારસરણી જીવનમાં વણી લેશો. ડાયાબિટીસ હોય તો નિયંત્રણમાં રાખો.

ડૉક્ટર પાસે નિયમિત બ્લડપ્રેસર બતાવતા રહો અને દવા લેશો. હાઈ બ્લડપ્રેસર વિષે જાગૃત રહો. તેની ઉપેક્ષા મહેરબાની કરી કરશો નહિ.

આજના જમાનામાં સમયની દોડ, વધુપડતી મહત્ત્વાકાંક્ષા, પૈસા કમાવાની ચિંતા, હરીફાઈ, સંઘર્ષ, જીવનમાં થતું પરિવર્તન, તનાવ, માનસિક વ્યગ્રતા, નકારાત્મક વલણ-વિચારસરણી ઈત્યાદિથી માનસિક દબાણ વધવાથી હાઈ બ્લડપ્રેસર થાય છે. આપની જીવનશૈલીમાં યોગ્ય પરિવર્તન કરશો.

ચાલવું, સાઈકલ ચલાવવી, જોગિંગ, એરોબિક કસરતો વગેરેથી સ્નાયુઓનો ઉપયોગ કરી કૅલેરી વાપરો. હૃદયરોગની આધુનિક સારવારમાં વ્યાયામ-કસરતને સ્થાન આપવામાં આવ્યું છે. જેથી લોહીનું રુધિરાભિસરણ-પમ્પિંગ કરવાની શક્તિ વધે છે. આહાર સમતોલ લેશો. કચુંબર, શાકભાજી તથા ફળફળાદિનું પ્રમાણ ૫૦ ટકા જેટલું રાખશો. પૂરતી નિદ્રા લેશો.

બ્લડપ્રેસર ઘટ્યા પછી વધે નહિ તે માટે દવા ચાલુ રાખવી. ડૉક્ટરને પૂછ્યા વિના પોતાની મેળે દવા ઘટાડવાથી કે બંધ કરવાથી બ્લડપ્રેસર પાછું વધી જાય છે. ઘણા પોતે બીમાર છે તેવું સ્વીકારતા નથી, તેથી દવા લેતા નથી. દવા ન લેવાથી ગંભીર પરિણામ આવે તેનો ખયાલ નથી હોતો. ઘણા દવા લાંબો સમય લેવી પડશે તે ખયાલથી દવા લેવાનું શરૂ કરતાં નથી. કુટુંબનો સાથસહકાર મેળવી બ્લડપ્રેસરની સારવાર કરશો.

# માનવીની કીમતીમાં કીમતી મૂડી

આજે મૂડીવાદી, સામ્યવાદી કે સમાજવાદી દેશો-પૂરું વિશ્વ પૈસા પાછળ દોડે છે. તેવે વખતે તે સમજવું જરૂરી છે કે શું પૈસો જ સર્વસ્વ છે? તો જવાબ નામાં આવશે. આ વિશ્વના બધા જ જીવોમાં માનવી શ્રેષ્ઠ છે અને તે શ્રેષ્ઠતાનું કારણ તેની માનસિક શક્તિ છે જે તેને બધા જીવોથી માત્ર જુદો જ નથી પાડતો, પણ બધાથી શ્રેષ્ઠ ગણાવે છે. આ માનસિક શક્તિ જન્મ સાથે મળેલી છે અને જે રીતનું વાતાવરણ મળે, જે રીતે તેને કેળવવામાં આવે તે રીતે તેનો વિકાસ થતો જાય છે અને આ વિકાસ તેને ધનપ્રાપ્તિમાં સહાયતા કરે છે. ધનઉપાર્જન અને તેનો યોગ્ય ઉપયોગ કઈ રીતે, ક્યારે ને કેટલો કરવો, તે મન નક્કી કરે છે. ઘણી વાર પૈસા મેળવવા માટે માનવી માનસિક શક્તિનો ઉપયોગ પ્રમાણથી વધારે કરે છે અને માનસિક શક્તિ પર દબાવ, તાણ આવે તેટલો ભાર લાવે છે અને માનસિક શક્તિ તાણના અનુભવને કારણે તેનું કાર્ય યોગ્ય રીતે કરી શકતી નથી અને માનસિક સ્વાસ્થ્ય જોખમાય છે ત્યારે ગમે તેટલા ધનના ઢગલા હોય તે બધા વ્યર્થ જાય છે. તેનો ઉપયોગ કરી આનંદ મેળવી શકાતો નથી. મનને શાંતિ મળતી નથી.

જે માણસ પોતાનું માનસિક સ્વાસ્થ્ય ગુમાવે છે ત્યારે જે કાર્ય તેને પૈસા, સમાજમાં સ્થાન, ઓળખ આપે છે તે ઓળખ ગુમાવી દેવાય છે. સમાજમાં તેના અસ્તિત્વનું કાંઈ મહત્ત્વ રહેતું નથી. વ્યક્તિ નકામી બની જાય છે. વ્યક્તિનું વર્તન, વ્યવહાર, કામકાજ બરાબર ન રહેતાં લોકો તેવી વ્યક્તિની અવગણના કરે છે, અપમાન કરે છે, તેનાથી દૂર ભાગે છે. ઘણી વાર સામાજિક જીવનમાં-કુટુંબમાં કે કામ કરવાની જગ્યાએ વ્યક્તિને તણાવ પહોંચે છે ત્યારે પણ વ્યક્તિનું માનસિક સ્વાસ્થ્ય ગુમાવે છે. તેને માટે ઘણી વાર વ્યક્તિને મળેલું સામાજિક વાતાવરણ જવાબદાર હોય છે. વ્યક્તિના જીવનમાં આવેલી નિરાશા-હતાશા તેને કામ કરવા દેતી નથી અને કામ વગરનો માણસ અહીં-તહીં અથડાયા કરે છે. સમાજમાં તેની કોઈ ગણના ન થતાં તેવી વ્યક્તિ માનસિક સ્વાસ્થ્ય ગુમાવે છે. ઘણી વાર વ્યક્તિ અતિશ્રમ કરે છે અને તણાવનો ભોગ બને છે અને પછી તે પૈસા કમાઈ શકતો નથી, નકામો બની જાય છે. માનવીની કીમતીમાં કીમતી શક્તિ તે તેનું માનસિક સ્વાસ્થ્ય છે. માનસિક સ્વાસ્થ્ય બરાબર હોય તો વ્યક્તિ ગમે તેવી પરિસ્થિતિ સામે ઝઝૂમી શકે છે. શારીરિક બીમારી સામે પણ ટક્કર લઈ શકે છે અને મનની શક્તિથી તે વિપરીત પરિસ્થિતિને પણ સારી પરિસ્થિતિમાં બદલી શકે છે, નકારાત્મક તત્ત્વોને દૂર કરી શકે છે. માનવીની માનસિક શક્તિ બરાબર રહે તેને માટે સપ્રમાણ પ્રવૃત્તિ, પરિશ્રમ, આનંદ પ્રાપ્ત થાય તેવા કાર્યથી મનને પ્રફુલ્લિત રાખવું જરૂરી છે. મન ચંગા તો કથરોટ મેં ગંગા. મન સારું હોય તો જગ સારું લાગે છે, નહિતર જગતની શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ વસ્તુ પણ તુચ્છ લાગે છે. જગતની શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ વસ્તુ કે વ્યક્તિઓની કિંમત મનથી અંકાય છે. માનવીની જેટલી માનસિક શક્તિ તેટલું તે જગતને ઓળખે છે અને તેટલું જ તે વિશ્વમાંથી પામી શકે છે. એક સ્વસ્થ માનવી કોઈ વિપરીત સંજોગોમાં સપડાઈ જઈ તેની માનસિક શક્તિ ગુમાવી બેસે છે ત્યારે તેના મિત્રો બધા દૂર ભાગે છે. તેવે વખતે હકારાત્મક બળ દૂર થતાં વ્યક્તિ થોડી માનસિક શક્તિમાંથી સંપૂર્ણ માનસિક શક્તિ ગુમાવી દઈ જીવનનું સર્વસ્વ ગુમાવી બેસે છે અને માનસિક તણાવની પરિસ્થિતિમાંથી સાચો મિત્ર-વ્યક્તિ સાથે સતત વાતો કરી તેની સાથે રહી કામ કરાવી તેને વિપરીત પરિસ્થિતિમાંથી બહાર કાઢી શકે છે અને જીવનમાં ફરી પાછી હરિયાળી છવાઈ જાય છે.

આજે વિશ્વ જે રીતે જે દિશામાં જે ઝડપે પ્રગતિ કરી રહ્યું છે તે રીતે જોતાં તો માનવી મશીનયુગમાં જીવતા માત્ર મશીન જેવો નથી બની જતો, પણ સાથેસાથે માનસિક તાણનો ભોગ બનતો રહ્યો છે જે એક સખત ચિંતાનો વિષય બની રહ્યો છે. માનવીએ કરેલો વિકાસ માનવીના જ હાથપગ બાંધી દે છે કે કાપી નાખે છે. માનસિક શક્તિ એક બાજુ વિકાસની ચરમસીમા ઓળંગતી રહી છે, તો બીજી બાજુ, માનવી પોતે જ પોતાના સર્જનથી પોતાની માનસિક શક્તિને તણાવગ્રસ્ત બનાવતી રહી છે. માનવીની કીમતીમાં કીમતી મૂડી જોખમાતી જાય છે.

માનસિક શક્તિના વિકાસનું કારણ પણ માનવી છે અને માનવીની તાણનું કારણ પણ માનવી કે તેના સર્જન કરેલાં મશીનો સાથેની જિંદગી છે. જે પોષતું તે મારતું દીસે ક્રમ કુદરતી. એક સ્વસ્થ માનવી તેની માનસિક શક્તિ ગુમાવે છે ત્યારે સમાજમાં તેની જે નકારાત્મક છાપ ઊભી થાય છે તે ભૂંસવી ઘણી અઘરી છે, પણ પરિશ્રમ દ્વારા તેને પાછી લાવી શકાય. માનવીની કીમતીમાં કીમતી મૂડી તે તેની માનસિક શક્તિ છે, બાકી બધી શક્તિ તે શક્તિને આધીન કાર્ય કરે છે. *(સાભાર)*

# આજની દેવકી અને યશોદા

નિધિ વહુએ દીકરાને જન્મ આપ્યો તે સમાચાર મળતાં જ્યોતિબા ગદ્‌ગદ થઈ ગયાં ને હૉસ્પિટલના પરિસરમાં આવેલા મંદિરમાં ભગવાનનો આભાર માનવા દોડી ગયાં. કૃતઘ્નતાના ભાવ સાથે આંખોમાંથી અશ્રુની ધારા વહી રહી હતી, જાણે નવ નવ મહિનાથી મનમાં સંઘરી રાખેલો બોજ પલકવારમાં ઓગળી ના રહ્યો હોય ? હાસ્તો, બોજ જ ને! નિધિ વહુને ત્રીજી વારના સારા દિવસો જતા હતા ત્યારથી જ્યોતિબાનો જીવ ઘુંટાતો હતો. આ ફેર દીકરો ના આવ્યો તો ? ના, ના, એવું નથી કે જ્યોતિબાને દીકરા જ દવલા હતા! દીકરી પણ એટલી જ વહાલી હતી. જો જો કોઈ ભૂલમાં રેહતા...

જ્યોતિબાનો પરિચય આપવો બહુ જ જરૂરી છે. એમના પતિને પાછા થયાને આજે પંદર વરસ થઈ ગયાં. સંતાનમાં એક દીકરો અને એક દીકરી. સુખી અને સાધનસંપન્ન પરિવાર. દીકરા સુનીલને નિધિ સાથે પરણાવેલ અને તેને ત્યાં જન્મી પહેલા ખોળાની દીકરી ઈશા. હા, સુનીલથી મોટી રિદ્ધિનાં લગ્નને આજે આઠ આઠ વરસ થઈ ગયાં. વાત અહીં જ શરૂ થાય છે. દેશ-વિદેશના દાક્તરો, હકીમો, વૈદ્યો અજમાવ્યા, બાધા-આખડી રાખ્યા છતાં હજી સુધી રિદ્ધિની ગોદ સૂની હતી. પગલીનો પાડનાર આપવામાં ભગવાને કસર કરી હતી. હવે તો દાકતરોનો પણ એક જ મત હતો કે રિદ્ધિએ બાળક દત્તક લઈ લેવું. રિદ્ધિના પતિને આ મંજૂર ના હતું, પણ રિદ્ધિની ખુશી માટે પોતાનાં સગાંમાંથી જ બાળક મળે તો દત્તક લેવા સંમતિ હતી. સુનીલની પત્ની નિધિએ જ્યારે ઈશાને જન્મ આપ્યો ત્યારે જ્યોતિબાએ લક્ષ્મીજીને ખુશી ખુશી વધાવી લીધાં હતાં. રિદ્ધિ ફોઈ જ્યારે ઈશાને રમાડવા આવ્યાં ત્યારે એમની આંખમાં ડોકાતો સૂનકાર સુનીલ-નિધિથી છૂપો ના રહ્યો. ઓળીઝોળીની વિધિ પતાવી, ભાવતાં ભોજન પતાવી રાત્રે દીવાનખંડમાં જ્યારે ઘરના સભ્યો હળવી પળો માણી રહ્યા હતા ત્યારે જ નિધિએ રિદ્ધિ પાસે એક પ્રસ્તાવ મૂક્યો, રિદ્ધિબેન જો જો ના ન પાડતાં, મારી વાત સાંભળો, હવે પછી મને જે બાળક થાય તેને તમારે અપનાવી લેવાનું. મારો તેમાં કોઈ હક નહિ રહે. રિદ્ધિને એક પળ માટે તો સમજાયું જ નહિ કે નિધિ શું બોલી રહી છે. હા, હા, રિદ્ધિબહેન તમને જ કહી રહી છું. તેમાં તમારા ભાઈની પણ સંમતિ છે. આ અમારો સહિયારો પ્રસ્તાવ છે.

ના ભાભી, હોતું હશે કઈ ? હું.... હું તમારું બાળક કેવી રીતે દત્તક લઈ શકું ? રિદ્ધિ અચકાતાં અચકાતાં બોલી. રિદ્ધિબહેન તમને મારા સમ છે, એક પણ અક્ષર આગળ બોલતાં નહિ. શું હું અને તમે વેગળાં છીએ ? મારું બાળક અને તે પણ દીકરો હોય કે દીકરી, જે હોય તે હવે તમારું જ. બસ આગળ કોઈ સવાલ-જવાબ નહિ. ભાભીએ અલ્ટિમેટમ આપી દીધું. જ્યોતિબાથી ના રહેવાયું એટલે બોલી ઊઠયાં, અલ્યા સુનીલ, આ નિધિ વહુ શું બોલી રહી છે ? જેમ તું મારા ઘડપણનો આધાર છે એમ તને પણ કોઈ આધાર જોઈશે ને ? તારે ત્યાં દીકરો આવે તે તું રિદ્ધિને આપી દેશે ? એકવાર આપ્યા પછી તારો કોઈ હક નહિ રહે, સમજ્યો ? કાલની કોને ખબર છે. જે કરે તે બરાબર વિચારીને કરજે.

બા તું મારી ચિંતા નહિ કર, બધું નસીબ પર છોડી દે. સૌ સારાં વાનાં થઈ જશે. જોજે ને મારી બેનીનું સુખ તે આપણા સૌનું સુખ બની રહેશે! મારે તો ઈશા છે, પણ મારી દીદીનું શું ?

આ તો મેં તને ચેતવ્યો, પછી કહેતો નહિ કે પહેલાં કેમ ના કીધું ? આમ જ્યોતિબાએ ઢીલા અવાજે વાત પડતી મૂકી. ને... બરાબર દોઢ વરસના ગાળા પછી નિધિને સુંદર પુત્ર અવતર્યો. સૌ રાજીના રેડ થઈ ગયાં. હવે ? હવે નિધિ પોતાના વચનથી ફરી તો નહિ જાય ને ? પણ ના, આ તો નિધિ હતી નિધિ!!! હિમાલય જેવી અડગ. હે જનની તને મારી લાખો સલામ.

સુવાવડ દરમિયાન જ રિદ્ધિને તેડાવી લીધી હતી. રિદ્ધિએ ભાભીની સેવા તો કરી, સાથે પહેલા દિવસથી જ બાબાની દેખરેખ રાખવા માંડી હતી. આમ બંને એકબીજાથી ટેવાવાં લાગ્યાં હતાં અને બે મહિના પૂરા થતાં રિદ્ધિ બાબાને લઈ સાસરે ગઈ. બાબાનાં લાલન-પાલનમાં મશગૂલ રિદ્ધિ હવે સાતમા આસમાનમાં વિહરતી હતી. દિવસો વીતતા ગયા. નિધિએ એકવાર પણ પાછું વાળીને જોયું નથી. જાણે કે પુત્રજન્મનો એપિસોડ ડિલિટ થઈ ગયો હોય! નિધિ, ઈશા અને સુનીલ પોતાની દુનિયામાં ખુશખુશાલ હતાં. ત્યાં વળી નિધિને સારા દિવસો જવા લાગ્યા. જેમ જેમ દિવાસો વીતતા ગયા તેમ તેમ જ્યોતિબાનો ઉચાટ વધતો ગયો. હર ઘડી હર પળ ઈશ્વરને કહેતાં કે હે પ્રભુ, આ વખતે પણ નિધિને દીકરો દેજે. સુનીલના વંશને આગળ વધતો જોવાનું મને સદ્‌ભાગ્ય આપજે મારા વહાલા! મન પર એક અજબ જ બોજ રહેતો હતો. ક્યાંય ચેન પડતું ન હતું.

આખરે એ દિવસ પણ આવી ગયો. સુનીલ ને જ્યોતિબા નિધિને પૂરા દિવસે હૉસ્પિટલ લઈ આવ્યાં. નિધિને લેબર રૂમમાં લઈ જવાઈ. સુનીલ અને જ્યોતિબા બહાર રાહ જોતાં બેઠાં હતાં. એક એક પળ એક એક યુગ જેવી લાગી રહી હતી. થોડી વારમાં નર્સે નિધિને બાબો આવ્યાના સમાચાર આપ્યા ત્યારે ખુશીથી ગદ્‌ગદિત જ્યોતિબા મંદિરમાં દોડી ગયાં અને ઈશ્વરનો કોટી કોટી ઉપકાર માની હવાની લહેરખી જેવા હળવાફૂલ થઈ ગયાં. આમ સુખે પોતાનું સરનામું ગોતી લીધું.

તા. ક. આ એક સત્ય હકીકત છે. કળીયુગમાં પણ દેવકી-યશોદા જોવા મળે છે તે આપણા સદ્‌ભાગ્ય છે. *(સાભાર)*

# સ્ત્રીઓને મતાધિકાર કેવી રીતે મળ્યો?

■ લલિતકુમાર શાહ

મહારાષ્ટ્ર અને હરિયાણામાં ત્રણ મહિના પહેલાં જ વિધાનસભાની ચૂંટણી યોજાઈ અને તેનાં પરિણામો પણ સંતોષજનક આવ્યાં. આપણને એ જાણવાની ઉત્સુકતા જરૂર થાય કે સ્ત્રીઓને મત આપવાનો અધિકાર ક્યારે અને કેવા સંઘર્ષ પછી આપવામાં આવ્યો હશે. આપની આ જિજ્ઞાસા સંતોષવા આ લેખ જરૂર વાંચશો.

અઢારમી સદીના અંતમાં યુરોપમાં લોકશાહી પદ્ધતિની ધીમેધીમે શરૂઆત થવા લાગી હતી. શરૂઆતમાં ઇંગ્લૅંડમાં આ પ્રથાનો પ્રારંભ થયો હતો. તે વખતની લોકશાહીમાં મતાધિકાર ખૂબ જ મર્યાદિત હતો. સ્ત્રીઓ, ભલે પછી ઉચ્ચ વર્ગની હોય કે નીચલા વર્ગની હોય, તેમને મત આપવાનો અધિકાર ન હતો. ઓગણસમી સદીમાં સામાન્ય માણસ અને સ્ત્રીઓને આ વાતની જાણ થવા લાગી. ત્યાર બાદ યુરોપ અને અમેરિકામાં સ્ત્રીઓએ તેમની આ માગણી માટે અવાજ ઉઠાવવો શરૂ કર્યો.

વીસમી સદીમાં સ્ત્રીઓ, ખાસ કરીને અંગ્રેજી સ્ત્રીઓ મતદાનના હક માટે લગભગ બે દશકા સુધી પ્રાણની બાજી લગાવીને લડાઈ લડી હતી. ખૂબ જ ત્રાસ, મુસીબત વેઠતી સ્ત્રીઓની એ લડાઈને 'સફ્રેજેટ' આંદોલન એવું નામ આપવામાં આવ્યું હતું. અંગ્રેજોનું રાજ્ય લગભગ આખા વિશ્વમાં ફેલાયું હતું, જે કૉલોની (વસાહત) તરીકે ઓળખાતું. આ આંદોલનનો અવાજ ભલે ધીમો, છેક એ દૂર દૂરના દેશો (વસાહતો)માં પહોંચ્યો. આમ તે અવાજ હિન્દુસ્તાન સુધી પહોંચ્યો.

૧૮૩૨ની સાલમાં બ્રિટનમાં રાજ્ય કારોભાર વધુ લોકાભિમુખ બનાવવા માટે 'બિલ ઑફ રાઇટસ' (સુધારા કાયદો) ત્યાંની પાર્લામેન્ટમાં રજૂ થયો. આ ખરડામાં 'વ્યક્તિ' શબ્દ પાછળ જાણી જોઇને 'પુરુષ' એવો શબ્દ લગાડવામાં આવ્યો તેથી સ્ત્રીના એ આંદોલનને દબાવી શકાય. પાર્લામેન્ટમાં જૉન સ્ટુઅર્ટ મિલ નામના સભ્યે આ વિશે સખત અસંતોષ જાહેર કર્યો. પરિણામરૂપે તોફાનો ફાટી નીકળ્યાં. ૧૮૧૯ની સાલમાં પીટર્લુ નામના નગરમાં થયેલાં તોફાનો અને કત્લેઆમમાં છ જણા શહીદ થયા અને અનેક સ્ત્રી-પુરુષો ઘાયલ થયાં. સ્ત્રીઓ પણ આ આંદોલનમાં સક્રિય બની. સ્ત્રીઓની આ જાગૃતિ જોઇને બ્રિટનની પ્રજા અચંબામાં પડી ગઈ. ત્યાર સુધી રાજકારણીઓ એમ માનતા હતા કે સ્ત્રીઓને રાજકારણ સાથે સંબંધ નથી. પાર્લામેન્ટ મેમ્બર મિલ અને તેની પત્ની અખબારોમાં લેખ લખીને તથા ભાષણો આપીને સ્ત્રી મતાધિકારના મહત્ત્વનો પ્રચાર કરી રહ્યાં હતાં. ત્યાં તો મિલની પત્નીનું અકાળે અવસાન થયું એટલે જૉન મિલે એકલા હાથે લડત આગળ ચલાવી. તેણે 'સબ્જેક્શન ઑફ વિમૅન' ('સ્ત્રીઓની પરવશતા-લાચારી') નામે પુસ્તક લખ્યું. આ પુસ્તકની સામાન્ય જનતા પર ખૂબ અસર થઈ. તેનો ફાયદો યુરોપ અને અમેરિકામાં ચાલતી આ ચળવળને વધુ થયો.

સન ૧૮૬૫માં જૉન સ્ટુઅર્ટ મિલે બ્રિટિશ પાર્લામેન્ટમાં સ્ત્રીઓને મતાધિકાર દેવાની માગણી રજૂ કરી. પરિણામરૂપે જે ખરડો રજૂ કરવામાં આવ્યો તેમાં 'મેલ પર્સન' (પુરુષ)ના બદલે 'મૅન' (માણસ) શબ્દ મૂકવામાં આવ્યો જેથી સ્ત્રીઓનો પણ સમાવેશ થયો. ત્યાર બાદ અનેક સ્ત્રીઓએ મતદાર સંઘમાં મતદાર તરીકે તેમનું નામ નોંધાવ્યું. લીડસ નગરના રજિસ્ટ્રારે તેમનાં નામ કાઢી નાખ્યાં, પણ આ નિર્ણયથી નિરાશ ન થતાં ૧૮૭૪, ૭૭, ૭૯ અને ૧૮૮૪માં ખરડા રજૂ થતા જ રહ્યા. જોકે, બધા જ ખરડા વિરોધના કારણે કાઢી નાખવામાં આવ્યા.

આખરે સ્ત્રીઓના આંદોલનની થોડી અસર થઈ. સન ૧૮૯૪માં 'વિમૅન્સ ફ્રેન્ચાઇઝ લીગ' નામની સંસ્થાના પ્રયત્નોના પરિણામે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા (મ્યુનિસિપાલિટી)ની ચૂંટણીમાં વિવાહિત સ્ત્રીઓને મતદાનનો અધિકાર પ્રાપ્ત થયો. આટલી સફળતાથી સ્ત્રીઓને સંતોષ ન થયો. આંદોલન ચાલુ રહ્યાં. જ્યાં જ્યાં બ્રિટિશ પ્રધાનો જાહેર ભાષણ આપવા જતા ત્યાં ત્યાં આંદોલન કરી સ્ત્રીઓ પહોંચી જતી અને 'સ્ત્રીઓને મતાધિકાર આપો'

એવી ઘોષણા કરતી. એલિઝાબેથ રોબીન્સ નામની લેખિકાએ 'વોટસ ફોર વિમૅન' નામનું નાટક અને 'ધ કન્વર્ટ' નામની નવલકથા લખી સ્ત્રી મતાધિકાર ચળવળને વધુ વેગ આપ્યો. આ આંદોલનકારોએ 'વોટસ ફૉર વિમૅન' નામની પત્રિકા પ્રગટ કરવાનું પણ શરૂ કર્યું. સન ૧૯૦૮માં પાંચ હજાર સભાઓનું આયોજન કર્યું તેથી આંદોલનની લોકપ્રિયતામાં ખૂબ વૃદ્ધિ થઈ. ૧૯૧૪ના પ્રથમ સાત મહિનામાં આંદોલને હિંસક રૂપ ધારણ કર્યું. ત્યારે અનેક સ્ત્રીઓની અટક કરવામાં આવી અને સજા પણ કરવામાં આવી.

બ્રિટનમાં આ ચળવળ ચાલી રહી હતી ત્યારે ભારતમાં અંગ્રેજોનું રાજ હતું. હિન્દુસ્તાની સ્ત્રીઓને પણ આ હક મળવો જોઈએ તેવી માગણી સાથે ડૉ. એની બિસેન્ટ, માર્ગારેટ કઝીન, સરોજિની નાયડુ, રમાબાઈ રાનડે, રાણી લક્ષ્મીબાઈ રાજવાડે તથા અન્ય એમ ૧૪ સ્ત્રીઓનું પ્રતિનિધિમંડળ વાઈસરૉયને મળવા ગયું હતું. વાઈસરૉયે આ બાબત હિન્દુસ્તાનના પ્રાંતિક કાયદા મંડળને સોંપી અને સૌપ્રથમ ૧૯૨૧માં મદ્રાસ કાયદા મંડળે પુરુષોની સાથે સાથે સ્ત્રીઓને પણ મતાધિકાર આપવાનો નિર્ણય લીધો. ૧૯૨૬ સુધીમાં ભારતનાં બધાં કાયદામંડળોએ કાયદો પાસ કરી પૂરા દેશની સ્ત્રીઓને મતાધિકાર આપ્યો અને સ્ત્રીઓને ચૂંટણી લડવાનો હક પણ આપવામાં આવ્યો. બ્રિટનમાં સન ૧૯૨૮માં પ્રૌઢ મતાધિકારનો સિદ્ધાંત માન્ય કરવામાં આવ્યો અને ૧૯૫૦માં ભારત પ્રજાસત્તાક બન્યા પછી દરેક પ્રૌઢ સ્ત્રી-પુરુષને આ અધિકાર પ્રાપ્ત થયો. બ્રિટનની સ્ત્રીઓની ધગશ, મહેનત અને આંદોલન ચાલુ રાખવાના જુસ્સાના કારણે પૂરા વિશ્વની સ્ત્રીઓને આ અધિકાર મળ્યો તે વાતની નોંધ લેવી જ પડશે.

**ગરીબમાં ગરીબ પણ કરી શકે એવાં મહાદાન એટલે ચક્ષુદાન**




**BIO DATA**



**NAME** : **HIRAL BHARATKUMAR SHAH**
**Birth Date** : 13th November 1987
**BT / BP** : 4.19 pm / Dhrangadhra
**Height** : 5'-1" * **Weight** : 52 KG
**Religion** : Zalawadi Dasha Shrimali Derawasi Jain
**Native** : Dhrangadhra (Gujarat)
**Education** : Chartered Accountant, B.Com. from N. M. College Pursing Company Secretary.
**Occupation** : Working with Deloitte Haskins & Sells (C.A. Firm) as Deputy Manager.
**Interest** : Reading, Photography, Travelling, Listening Music

***Family Details***

**Gr. Father** : Late Shri Khimchandbhai Amulakh Shah
**Gr. Mother** : Ranjanben Khimchandbhai Shah (Chotila)
**Father** : Bharatkumar Khimchandbhai Shah Mobile No. +971 50 3873046
**Occupation** : Service – Finance Manager Cum Chief Accountant Gold Souq, Dubai (U.A.E)
**Mother** : Rekha B Shah – M. 9967810216
**Brother** : Nishant B. Shah (Younger) Studying B. Com
**Uncle** : Pradip K. Shah – M. 9892057010
Hitesh K Shah – M. 9892102086
**Mosal** : Late Shri Jayantilal Vadilal Shah Surendranagar – Res.: 02752 231458
**Mama** : Chetan J. Shah : 09824288457
**Address** : A/401, Ambika Darshan, Near Kandivali Bus Station, C. P. Road, Kandivali (East), Mumbai – 400101 Tel.: 28464225
**E-mail** : hitesh16081966@rediffmail.com
hiral.shah13@gmail.com

ADVT.

# લગ્નઇચ્છુક યુવક-યુવતીઓની યાદી

## યુવતી

| નં. | નામ, જન્મતારીખ, ઊંચાઈ, અભ્યાસ, વ્યવસાય | ધર્મ, મૂળ વતન, હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | જલ્પા જયકાન્તભાઈ શાહ, ૨૨-૧-૧૯૮૫, ૫'-૪''<br>B.Com., – | ઘોઘારી વીસા શ્રીમાળી જૈન<br>શિહોર – ગોરેગામ (વે) | (ઘર) ૨૮૭૫૭૫૩૫<br>(મો) ૯૩૨૩૩૩૪૩૦૭ |
| ૨) | ખુશ્બુ મુકેશભાઈ શાહ, ૧-૫-૧૯૮૬, ૫'-૩''<br>C.A., M.Com., – | દશા શ્રી. બેતા. દેરા. જૈન<br>અમદાવાદ-ઘાટકોપર (ઈ) | (ઘર) ૨૫૧૭૩૫૩૦<br>(મો) ૯૩૨૩૭૩૯૨૦૦ |
| ૩) | શ્વેતા ભૂપેન્દ્રભાઈ દલાલ, ૬-૯-૧૯૭૯, ૫'-૪''<br>B.Com., – | વીસા ઓસવાલ દેરા. જૈન<br>વેરાવળ – કાંદિવલી (વે) | (ઘર) ૨૮૦૫૨૬૧૯<br>(મો) ૯૬૧૯૦૦૦૫૮૧ |
| ૪) | દર્શના અરવિંદભાઈ ગાંધી, ૨૦-૧૦-૧૯૮૧, ૫'-૨''<br>B.Com., – | દેરાવાસી જૈન<br>ભાવનગર – મલાડ (વે) | —<br>— |
| ૫) | ધરા રાજેશભાઈ શાહ, ૨૯-૪-૧૯૮૬, ૫'-૬''<br>આઈ.ટી.કૉમ્પ્યુટર, – | દેરાવાસી જૈન<br>વાપી | (ઘર) ૨૩૮૭૭૧૧૩<br>(મો) ૯૮૩૩૮૮૦૫૫૦ |
| ૬) | ટ્વિંકલ ભરતભાઈ શાહ, ૧૩-૯-૧૯૮૫, ૫'-૩''<br>C.A., – | ઘોઘારી વીસા ઓસ. જૈન<br>સિહોર – બોરીવલી (વે) | (ઘર) ૨૨૯૩૦૯૫૨<br>(મો) ૯૩૨૩૧૨૧૫૬૩ |
| ૭) | ઈશા પ્રકાશભાઈ શાહ, ૧૦-૬-૧૯૮૦, ૫'-૫''<br>S.S.C., – | દેરાવાસી જૈન<br>પાલનપુર – બોરીવલી | (મો) ૮૯૭૬૧૩૮૮૪૦<br>૯૭૦૨૮૮૫૭૯૮ |
| ૮) | નિશિ પિનલભાઈ પરીખ, ૨૭-૩-૧૯૮૯, ૫'-૨''<br>M.B.A., – | દેરાવાસી જૈન<br>પાટણ – અંધેરી | (ઘર) ૨૬૮૪૨૮૯૪<br>(મો) ૮૭૬૭૩૫૩૧૪૧ |
| ૯) | નિધિ પિનલભાઈ પરીખ, ૨૭-૩-૧૯૮૯, ૫'-૨''<br>B.Com., – | દેરાવાસી જૈન<br>પાટણ – અંધેરી | (મો) ૮૭૬૭૩૫૩૧૪૧<br>૯૩૨૩૫૯૮૩૬૬ |
| ૧૦) | પૂજા સંતોષભાઈ શાહ, ૧૦-૧૨-૧૯૯૦, ૫'-૩''<br>B.E. Computer, – | વીસા નિમા શ્વેતાંબર જૈન<br>ગોધરા – બોરીવલી | (મો) ૯૮૬૯૪૬૪૯૭૧<br>૯૮૬૭૦૬૫૫૭૯ |
| ૧૧) | જલ્પા બી. કોઠારી, ૨૬-૫-૧૯૭૮, ૫'-૫''<br>B.A., – | —<br>રાજકોટ | (ઘર) ૦૨૮૧-૨૪૪૦૦૯૦<br>(મો) ૯૪૦૯૫૪૯૯૫૨ |
| ૧૨) | હીરવી અરવિંદભાઈ દોશી, ૧૩-૩-૧૯૮૪, ૫'-૨''<br>M.Com., – | શ્વેતાંબર દેરાવાસી જૈન<br>મહેસાણા – કાંદિવલી (વે) | (ઘર) ૨૮૦૮૨૯૦૭<br>(મો) ૯૮૩૩૮૮૩૪૨૦ |
| ૧૩) | ચૈતાલી અરવિંદભાઈ દોશી, ૮-૬-૧૯૮૦, ૫'-૦''<br>B.Com., – (મો.: ૯૮૯૨૨૪૭૪૦૬) | શ્વેતાંબર દેરાવાસી જૈન<br>મહેસાણા – કાંદિવલી (વે) | (ઘર) ૨૮૦૮૨૯૦૭<br>(મો) ૯૮૩૩૮૮૩૪૨૦ |
| ૧૪) | દિપાલી બિપીનચંદ્ર ઝવેરી, ૨૬-૪-૧૯૭૬, ૫'-૦''<br>S.S.C. – | સુરત વીસા ઓસ. જૈન<br>સુરત – અંધેરી | —<br>(મો) ૯૭૬૯૦૫૮૭૧૫ |

## યુવક

| | | | |
|---|---|---|---|
| ૧) | મિતુલ અનિલકુમાર સંઘાણી (૩૧-૩-૧૯૮૮) ૫'-૧૧''<br>**C.A., Pursuing ACCA (UK)** – સર્વિસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>ગોંડલ – મલાડ (વે) | (મો) ૯૦૨૯૨૫૮૯૯૧<br>૯૯૩૦૨૭૪૬૨૦ |
| ૨) | પ્રણવ નરેશભાઈ શાહ, ૧૧-૪-૧૯૭૯, ૫'-૭''<br>B.Com., – | દેરાવાસી મૂર્તિપૂજક જૈન<br>પાલનપુર-બોરીવલી (વે) | (મો) ૯૨૨૪૧૮૨૭૨૮<br>૯૨૨૪૬૬૯૨૩૦ |
| ૩) | ધવલ કોઠારી, ૨૫-૬-૧૯૮૩, ૫'-૬''<br>B.A., – | —<br>ઉપલેટા | (ઘર) ૦૨૮૨૬-૨૨૪૮૧૮<br>(મો) ૦૯૩૭૭૧૪૧૮૭૫ |
| ૪) | રૂષભ ભૂપેન્દ્રભાઈ દલાલ, ૧૯-૧૦-૧૯૮૨ ૫'-૮''<br>B.Com., – | વીસા ઓસવાલ દેરા. જૈન<br>વેરાવળ – કાંદિવલી (વે) | (ઘર) ૨૮૦૫૨૬૧૯<br>(મો) ૯૬૧૯૦૦૦૫૮૧ |
| ૫) | અંકિત નિલેશભાઈ વોરા, ૧૨-૫-૧૯૯૧, ૫'-૪''<br>B.Com., – | શ્રી જા. હા. વી. શ્રી. જૈન<br>જામનગર – થાણે | (ઘર) ૨૫૩૪૯૫૫૧<br>(મો) ૯૩૨૪૦૦૧૩૫૪ |
| ૬) | અભિષેક અજિતભાઈ મહેતા, ૧૯-૯-૧૯૯૦, ૫'-૬''<br>B.Com., – | મચ્છુ. વીસા શ્રી. દેરા. જૈન<br>મોરબી – અંધેરી (વે) | —<br>(મો) ૯૮૨૧૯૩૭૫૭૬ |
| ૭) | હેમંત સુરેન્દ્રભાઈ શાહ, ૩-૧૨-૧૯૮૫, ૫'-૯''<br>B.Sc., (IT), MCA, Software Eng., – | શ્વે. મૂ. પૂ. વી. ઓ. જૈન<br>વિજાપુર – અંધેરી (વે) | (ઘર) ૨૬૨૦૪૭૯૧<br>(મો) ૯૦૦૪૧૮૯૩૪૧ |
| ૮) | હાર્દિક કોઠારી, ૯-૧૦-૧૯૮૫, ૬'-૨''<br>B.Com., – | સ્થાનકવાસી જૈન<br>રાજકોટ | (મો) ૯૩૭૭૧૨૦૩૯<br>૯૭૧૪૮૨૩૪૫૬ |
| ૯) | અમિત નરેશભાઈ શાહ, ૧૦-૧૧-૧૯૮૧, ૫'-૮''<br>B.Com., – | વીસા ઓ. મૂ. પૂ. દેરા. જૈન<br>પાલનપુર – બોરીવલી (વે) | —<br>(મો) ૯૩૨૦૮૭૪૯૧૧ |
| ૧૦) | રાજન કિરીટભાઈ મહેતા, ૭-૪-૧૯૮૫, ૫'-૧૦''<br>H.S.C., – બિઝનેસ (પ્રિન્ટિંગ પ્રેસ) (નિર્દોષ છૂટાછેડા) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>વરાડિયા – ઘાટકોપર | (ઘર) ૨૧૦૨૩૭૭૪<br>(મો) ૯૮૨૧૪૪૨૮૫૦ |
| ૧૧) | કૃતિક મુકેશભાઈ શાહ (૧૮-૫-૧૯૮૮) ૫'-૧૧''<br>**B.Com., MBA,** – ફૅમિલી બિઝનેસ (મો.: ૯૬૧૯૪૫૫૭૭૩) | ઝા. દશા શ્રી. સ્થા. જૈન<br>બરવાળા – મીરા રોડ (ઈ) | (ઘર) ૨૮૧૧૭૮૪૧<br>(મો) ૯૩૨૨૨૨૪૯૩૪ |
| ૧૨) | નિખિલ વિનોદભાઈ ખેતાણી, ૧૩-૨-૧૯૮૫, ૫'-૬''<br>C.A., – સર્વિસ (મો.: ૯૯૬૯૯૮૩૫૪૯) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>વિસાવદર-ઘાટકોપર (વે) | (ઘર) ૨૫૧૦૩૦૬૯<br>(મો) ૯૯૮૭૩૬૩૮૦૩ |
| ૬) | ભાવિન હસમુખભાઈ શાહ, ૨૮-૧-૧૯૭૬, ૫'-૯''<br>MBA Finance – | વિજા.સત્તા.વીસા શ્રી.દે.જૈન<br>માણસા – વિલે પાર્લે | (ઘર) ૨૬૧૪૯૯૬૯<br>(મો) ૮૮૭૯૯૭૯૬૮૯ |
| ૧૪) | અમીષ રજનીકાંત શાહ, ૨૬-૫-૧૯૭૬, ૫'-૧૧''<br>B.Com., – | ઝાલાવાડી સ્થા. જૈન<br>લીંબડી – વિલે પાર્લે | (ઘર) ૨૬૧૭૦૯૮૦<br>(મો) ૯૯૩૦૭૨૮૭૨૨ |
| ૧૫) | અર્પિત દીપકભાઈ કિકાણી, ૨-૬-૧૯૭૯, ૫'-૬''<br>B.E.,– સર્વિસ (મંગળ છે) (છૂટાછેડા લીધેલ છે) | સ્થાનકવાસી ભાવસાર જૈન<br>અમદાવાદ – બરોડા | (ઘર) ૦૨૬૫-૨૭૧૨૮૯૮<br>(મો) ૯૮૭૯૭૫૬૪૫૯ |
| ૧૬) | વિશાલ બિપીનચંદ ઝવેરી, ૮-૧૨-૧૯૭૩, ૫'-૬''<br>S.S.C., – ડાયમંડ એસોર્ટર-શૅરબજાર (હળવો મંગળ + શનિ) | સુરત વીસા ઓસ. મૂ. પૂ. જૈન<br>સુરત – અંધેરી | (મો) ૯૭૬૯૦૫૮૭૧૫<br>૯૯૨૦૬૯૩૩૮૮ |





M : 99675 55101 • 93223 29593 • Email : gala.neeta@yahoo.com

www.rvoiceevents.com

Patrika Chenal Stg. Office, Mumbai-1 to be Published on 15th & Posted on 25-26/04/2015
Price Rs.5-00 JAGRUTI SANDESH RNI No. 66215/96 Regd. No. MH/MR North East/03/2013-2015

NO PRESERVATIVES

VEERPRABHU

Where Quality Comes Naturally

100% BACTERIA FREE

**ગુજરાતના કચ્છ, જુનાગઢ અને વલસાડ જિલ્લાના પ્રખ્યાત ફાર્મની કેસર કેરી માથી બનાવવામાં આવેલ કેસર કેરી નો રસ (આમરસ)**




Available in 850g & 3.1Kg

For better taste, CONSUME CHILLED

## આપણા જૈન ભાઈઓ / બહેનો માટે ખુશ ખબર

**૨૫ વર્ષથી** દુનિયા ના ધણા દેશોમાં **Export** થઈ રહેલો King Brand કેસર કેરીનો મીઠો-મધુરો રસ હવે મુંબઈના આંગણે આગમન થઈ ગયેલ છે. **Pure King Brand** કેસર કેરીના રસને ડબ્બામાં પેક કરતા પહેલા અડધો કલાક 98$^0$C Temperature થી **Pesturized** કરીને પછી ડબ્બામાં Vacuum Pack કરવામાં આવેલ છે. જેના લીધે કેસર કેરીના રસની Shelf Life બે વર્ષ રહે છે.

ઉપવાસમાં વપરાતા ગરમ પાણીમાં પણ સુક્ષ્મ કિટાણુઓ જે **98$^0$C** મા પણ મરતા નથી એવા જીવાણીઓ પણ **KING BRAND**ના કેસર કરીના રસમાં રહેતા નથી, કારણ કે ડબ્બાને **Vaccum** કરીને **Pack** કરવામાં આવેલ છે.

**KING KESAR** કેરીનો રસ **Preservative, Colour & Essence** વગરનો શુદ્ધ અને **Hygenic** છે. આ બધી પ્રક્રિયા **ISO 22000 Certified Factory** (જે **USA**ની **FDA** પણ **Approve** કરેલ છે)માં તૈયાર કરવામાં આવેલ છે.

કેરીનું ફળ તો માત્ર સિઝનમઇં ૩ મહિનાજ ખાવામાં મળેછે જ્યારે King કેસર કેરીનો રસ તો ૩૬૫ દિવસ અને દરેક વર્ગના માણસ ને પોસાય એવા ભાવે મળી રહે છે. માટે આજેજ એક ફોન કરો અને તમારો ઓર્ડર લખાવી તમારા ભોજન નો અનેરો આનંદ માણો.

**VEERPRABHU EXPORT HOUSE**
MUMBAI - INDIA • Email:jenil@mtnl.net.in • www.veerprabhu.com • Customer Care No.: 022 - 2501 4136

ADVT



Printed & Published by : **RAMESH JETHALAL MORBIA** on behalf of **JAIN JAGRUTI CENTRE,** Printed at **ARIHANT PRINTING PRESS,** Plot No. 310, Saibaba Nagar, Behind Trikal Bldg.,Pant Nagar, Ghatkopar (East), Mumbai - 400 075 and Published from Jain Jagruti Centre, Central Board Charitable Trust, 201, Mathura Arcade, Subhash Road, Vile Parle (East), Mumbai - 400 057. Editor : **RAMESH MAGANLAL SANGHVI**